|| तस्य वाचकः प्रणवः ||

ऋतम्भरा

આત્મનો હિતાય જગતઃ સુખાય



પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી

વર્ષ - ૩૨ (જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર)
VOL - XXXII 2016-17 ISSUE-I

માનદતંત્રી : નૈષધ વ્યાસ
સંકલન : ડૉ. સ. સ. ભિક્ષુ

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ॐ ॥
॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

આતંકવાદ નાથવો છે?

-યોગભિક્ષુ

વરસાદ પડવાથી જેમ બિલાડીના ટોપ ફૂટી નીકળે છે તેમ આતંકવાદ ફૂટી નીકળતો નથી પણ તેને અસહનશીલતા અને અજ્ઞાનતા દ્વારા આમંત્રણ આપવામાં આવે છે.

આતંકવાદ નાથવા માટે પ્રથમ એ રહસ્ય જાણવું પડશે કે આતંકવાદનાં બીજ મનુષ્યના મગજમાં અને હૃદયમાં કઈ રીતે રોપાય છે? ઠેઠ હૃદયભૂમિમાં પડેલાં બીજને જ્યાં સુધી નષ્ટ કરવામાં નહીં આવે ત્યાં સુધી આતંકવાદ જડમૂળથી નાશ પામશે નહીં અને ગમે તે રૂપે, રંગે અને પ્રકારે ડોકિયું કરશે જ.

સ્થૂલાતિસ્થૂલથી માંડીને સૂક્ષ્માતિસૂક્ષ્મ હિંસાનો એક વખત પ્રારંભ થઈ જાય છે પછી બદલાની ભાવનાથી પ્રેરાઈને તેનું ચક્કર ચાલવું પ્રારંભ થઈ જાય છે. સામે પક્ષેથી યોગ્ય પ્રતિભાવ ન સાંપડવા છતાં ''બદલો નથી લેવો, હિંસાનો જવાબ હિંસાથી નથી આપવો'' એવી પહેલ તે વખતે જે કરી શકે છે તે પક્ષ જ હિંસાના ચાલતા ચક્રને થંભાવી શકે છે. હિંસાચક્રને પ્રારંભ કરવાની પહેલ ભલે ગમે તેના દ્વારા થઈ હોય પણ શક્તિશાળી પક્ષ તો તે જ છે કે જે તેને થંભાવવાની પહેલ કરે છે.

હિંસા ખોટી એટલા માટે છે કે તેથી વેર બંધાય છે, અને પછી વેર-બદલો લેવાની સાંકળ એવી ગંઠાય છે કે પછી અનંત નિર્દોષ અને નિરપરાધ માણસોને તેમાં સંડોવાવું પડે છે અને એ રીતે અનેક પેઢીઓ અને રાષ્ટ્રો તેમાં ગારદ થઈ જાય છે.

બાળમંદિરોમાં, શાળાઓમાં અને મહાશાળાઓમાં આધુનિક વિજ્ઞાનયુક્ત ઘણું બધું શીખવવામાં આવે છે તે સારું જ છે. પણ જ્યાં સુધી ઉપર કહેલી પાયાની બાબતો નહીં શિખવાય ત્યાં સુધી આધુનિક ભણતર પાયા વિનાની ઈમારત જેવું સાબિત થશે - થયું છે.

''વેરથી વેર શમશે નહીં'' એ વાત ઉપદેશવાની અને છાપાંઓમાં આપવાની માત્ર ન રહેતાં એ શિક્ષણના પાયાનો વિષય બને તે સમય હવે ઘણો વીતી ચૂક્યો હોવા છતાંય થોડો બાકી જરૂર છે. માનવરક્ષાના મહારથીઓ અને વિશ્વકલ્યાણના ચિંતકોએ મળીને એવું કાંઈક કરવાની સખ્ત જરૂરત છે કે જેથી ''વેરથી વેર શમશે નહીં'' તે રહસ્ય યુક્તિ-પ્રયુક્તિ અને મનોવૈજ્ઞાનિક ઢંગથી બાળકોને ગળથૂથીમાંથી પાન કરાવી શકાય. વહેલો કે મોડો, તો જ આતંકવાદ નાથી શકાશે. આ સિવાયના ઘણા ઉપાયો વિશ્વ ઉપર અજમાવાઈ ચૂકાયા છે તો આ પણ એક વખત આચરી જોવાય.

જો કે આતંકવાદનું અસ્તિત્વ જગત ઉપર દેવ-દાનવનાં યુદ્ધો રૂપે કે દૈવી-આસુરી શક્તિના ઘર્ષણ રૂપે વત્તાઓછા પ્રમાણમાં હરહંમેશ રહ્યું જ છે- રહેવાનું જ છે. તેને સંપૂર્ણપણે અટકાવી નહીં શકાય. પરંતુ તેને વધુમાં વધુ શાંત કરવા માટે ગળથૂથીમાંથી જ - શિક્ષણના પાયામાંથી જ એ શીખવવું પડશે કે ''(૧) વેરથી વેર શમશે નહીં. (૨) બદલો ન લેવાની જે પહેલ કરે છે તે જ શક્તિશાળી છે. (૩) પોતાના મસ્તકની આહુતિ આપવા કરતાં પણ ઉપરોક્ત આહુતિ વધુ પુણ્યદાયી છે. (૪) હિંસાના ચાલતા ચક્રને થંભાવવામાં જે કાંઈ સહન કરવું પડે તે હસતાં હસતાં સહન કરવું તે કાયરતા નથી પણ તે જ સાચી શૂરવીરતા છે.'' વગેરે વગેરે.

આ સિવાય તો હું તારાને મારું અને તું મારાને કાપ્ય, પછી મારવા-કાપવાના ચક્રને થંભાવે કોણ? આ ચક્રને થંભાવનાર સામા ઉપર તો ઉપકાર કરે જ છે પણ પોતા ઉપર પણ ઘણો મોટો ઉપકાર કરે છે.હિંસાના ચક્રને થંભાવવાની પહેલ કરીને તે પોતાની પછીની આખી પેઢીને મારો-કાપોમાંથી બચાવી લે છે.

આવતી પેઢીમાં જડમૂળથી આવી કલ્યાણપ્રદ વિચાર-રોપણીનું ફળ ભલે બે-ચાર પેઢી પછી મળે પણ આ સિવાય તો કદી મળવાનું નથી તે આજ સુધીના અખતરાઓથી સાબિત થઈ ચૂક્યું છે.

''સ્વધર્મે નિધનં શ્રેય'' ઉપરોક્ત સ્વધર્મના વિચાર, આચાર, પ્રચાર અને પ્રસારમાં જે કાંઈ આપત્તિઓ આવે તેમાં અંતે શ્રેય જ છે. સ્વધર્મ એટલે પોતાનો ધર્મ અર્થાત્ આત્માનો ધર્મ. સર્વ આત્માને - તમામ જીવોને સુખશાંતિ મળે તેવા પ્રયત્નો કરવામાં મૃત્યુ આવે તોય તેને શ્રેયસ્કર ગણ્યું છે અને ''પરધર્મો ભયાવહ.'' પરધર્મ એટલે કે પારકો ધર્મ અર્થાત્ આત્મા સિવાયનો ધર્મ. કોઈપણ જીવને દુઃખ - અશાંતિ થાય તેવું વર્તન કરવું તે ભયકારક છે. આ વાતને સાબિત કરવાની જરૂરત નથી, સૌને સ્વાનુભવ છે જ.

(પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી રચિત 'વિજળીના ઝબકારે' પુસ્તકમાંથી સાભાર)

॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું

બહુજનહિતાય-બહુજનસુખાય

વિશ્વમહાપર્વ ગુરુપૂર્ણિમા

- યોગભિક્ષુ

ગુરુપૂર્ણિમાનું પર્વ એ કાંઈ કોઈ એક જાતિ, સંપ્રદાય, દેશ કે રાષ્ટ્રનું નથી, તે તો સમસ્ત માનવજાતિનું છે. આપણે જાણતા હોઈએ કે ન જાણતા હોઈએ પણ આપણને સર્વેને ગુરુ છે જ. જેમ આપણે છીએ તો આપણા બાપ છે એ જેટલું નક્કી છે, તેટલું જ આપણે છીએ તો આપણા ગુરુ પણ છે એ નક્કી છે; ભલે કદાચ આપણે આપણા ગુરુને જાણતા ન હોઈએ. બાપા તો છે જ પણ બાપાને જો જાણતા ન હોઈએ તો તે, સમાજમાં ઘણું હલકું કહેવાય છે, તેમ ગુરુને ન જાણવા તે પણ ઠીક ન કહેવાય. ગુરુ વ્યક્તિ રૂપે, મંડળરૂપે કે તત્ત્વ રૂપે પણ હોઈ શકે.

જે બાબતમાં આપણે લઘુ (અજ્ઞાન) હોઈએ તેમાં જેઓ આપણને ગુરુ (જ્ઞાનવાન) બનાવે તે આપણા, તે વિષયના ગુરુ કહેવાય. આમ આપણે સૌ જન્મથી મૃત્યુપર્યંત અન્યો પાસેથી જ પ્રાપ્ત કરી કરીને જ જીવતા હોઈએ છીએ. જીવનમાં આપણને જેમના જેમના તરફથી પ્રાપ્તિ થાય છે તેમાંના બહુ થોડાને જ આપણે જાણતા હોઈએ છીએ, મોટા ભાગના પ્રાપ્તિ કરાવનારાઓથી અજાણ જ હોઈએ છીએ.

હાલમાં આપણી પાસે જે કાંઈ ભૌતિક-આધ્યાત્મિક સમૃદ્ધિ છે, તે અન્યોની પ્રત્યક્ષ-પરોક્ષ સહાય દ્વારા જ મળેલી છે. જો તે બધું જેમની જેમની પાસેથી મળ્યું છે તેમને સૌને પાછું સોંપી દઈએ તો આપણી પાસે કાંઈ જ ન બચે, શરીર પણ માતા-પિતાએ આપેલું છે. આ દૃષ્ટિએ જોતાં વિશ્વનો એકે એક મનુષ્ય ઋણી જ છે.

એવો અભાગિયો મૂર્ખશિરોમણી કોણ હોય જે ઋણમાંથી મુક્ત થવા ન ઇચ્છતો હોય ? સજ્જનને તો પાંચસો-હજાર રૂપિયાનું ઋણ હોય તોય રાત્રે ઊંઘ નથી આવતી, ક્યારે આ ઋણમાંથી મુક્ત થાઉં એમ એ ઝંખતો હોય છે. તો જેઓ પાસેથી અલૌકિક-દિવ્ય આધ્યાત્મિક સમજણ પ્રાપ્ત કરીને માલામાલ થઈ ગયા હોઈએ, તેમના ઋણમાંથી મુક્ત થવા તો આપણું રૂંવાડેરૂંવાડું તલસતું જ હોયને? આ બધી વાતો તો ઋણ સ્વીકાર કરનાર સજ્જનો માટે છે. જે, કોઈ પણ પ્રકારના ઋણનો સ્વીકાર જ ન કરતો હોય તેને શું કહેવું? તેની સ્થિતિ 'નાગાના કૂલે બાવળિયો, તો કહે મને છાંયો થયો' જેવી છે ! 'નાગાની પાંચશેરી ભારે !'

નિશાળમાં ભણીએ અને દર માસે ફી આપી દઈએ, કે પાંચસો રૂપિયા જેમના લીધા હોય તેમને પાછા આપી દઈએ એટલે ઋણમુક્ત થઈ જઈએ છીએ. એવું ઋણ ગુરુ-સંતોનું નથી હોતું. તેમના તો આપણા ઉપર એટલા બેહદ ઉપકારો હોય છે કે અષ્ટસિધ્ધી અને નવનિધિ તેમના પગમાં મૂકી દઈએ તોય ઓછું છે. ખૂબીની વાત તો એ છે કે જેમને આપણે સર્વસ્વ અર્પવા ઇચ્છીએ છીએ તેમને આપણી પાસેથી કાંઈ જ નથી જોઈતું. તેમનો તો સ્વભાવ જ આપવાનો, કલ્યાણ કરવાનો છે અને તે જ તેમનો આનંદ અને તે જ તેમની પ્રાપ્તિ છે. હરિ-ગુરુ-સંતોના ઉપકારનો બદલો આપણે કદી વાળી શકતા નથી અને છતાંય વાળવાની ભાવના આપણામાં ઘૂમરાયા કરે છે, ઊભરાયા કરે છે. તે ભાવનાની શાંતિ માટે અને અધિકારીઓના સમાધાન માટે પરમ દયાળુ ઋષિ-મુનિઓ મદદે આવ્યા, તે માટે તેમણે ગુરુપૂર્ણિમાનો દિવસ નક્કી કર્યો. તે એટલા માટે કે આ દિવસે સૌ પ્રેમીઓ મળીને, એક શ્રદ્ધેય વ્યક્તિને

નિમિત્ત બનાવીને તેમનાં ચરણોમાં ઋણમુક્તાંજલિ સમર્પિત કરીને 'આપણે પણ ઋણમાંથી મુક્ત થવા માટે કાંઈ કર્યું' એવો લહાવો લઈ શકીએ.

આ રીતે ગુરુપૂર્ણિમા એ તો વિશ્વસમસ્તનું મહાપર્વ છે. દરેકે દરેક રાષ્ટ્રે આ મહાપર્વ ધૂમધામથી ઊજવવું જોઈએ. આવી સીધીસાદી વાત પણ વિશ્વના ધુરંધરોનાં મગજમાં કેમ નહીં આવી હોય!? અરે બીજાં રાષ્ટ્રોની તો વાત પછી પરંતુ ભારતને પણ આ વાતની યાદ આપવી પડે? યાદ આપ્યા પછીયે બેધ્યાન - બહેરા કાન? બધાં રાષ્ટ્રો પોતપોતાનાં લાગતાં-વળગતાં પર્વો ઊજવે અને ઋષિમુનિઓનો દેશ ભારત ઋષિપૂર્ણિમા-ગુરુપૂર્ણિમા-વ્યાસપૂર્ણિમા ન ઊજવે એ વાસીદામાં સાંબેલું જવા બરાબર છે. પરદેશવાળા તો આપણી પાસેથી લખવા માટે પેન લે તોય 'થૅન્કયૂ' કહે અને આપણે ? આપણે આપણું જીવન હરિયાળું અને ફૂલ્યુંફાલ્યું બનાવનારને પણ ફક્ત દર બાર માસે એક વખત - દર ગુરુપૂર્ણિમાએ થૅન્કયૂ કહેવાની વિધિ પણ ન કરી શકીએ? પોતાને ઋષિકાળ કહેવડાવનારની બુદ્ધિ શું આટલી હદે પતન પામી ગઈ છે ? શું ફરીને કદી ચડી શકે નહીં એટલી હદે ઊતરી ગયું છે તેનું પાણી ?

જો ગુરુપૂર્ણિમાને વિશ્વમહાપર્વ તરીકે ઊજવવામાં આવે,તો સુખ-શાંતિના વરસાદ વરસે. એક વખત અખતરો કરીને તેની સચ્ચાઈનો અનુભવ લઈ જોઈએ. પણ આપણી ઓખરવૃત્તિ અંદર જોવાના બદલે બહાર હવાતિયાં મારે છે !

ગુરુપૂર્ણિમાને દિવસે જે કોઈ શ્રદ્ધેય વ્યક્તિમાં ગુરુભાવના રાખીને તેમનાં ચરણોમાં જે કાંઈ પુષ્પં-પત્રં સમર્પણ કરીએ છીએ તે પરમગુરુ પરમાત્માને પહોંચી જાય છે, જેમ બધી નદીઓ સમુદ્રમાં સમાઈ જાય છે.

જગતની સમસ્ત વિદ્યાઓમાં-સમજણોમાં આત્મા-પરમાત્માની વિદ્યા ગુરુ (અતિ મૂલ્યવાન) ગણાય છે. તેથી ગુરુસમજણ આપનારને જ આપણે ગુરુ-સદ્‌ગુરુ સંબોધનથી સન્માનીએ છીએ.

"તીન ટુક કૌપિન કો, અરુ બિન ભાજી-લોન;
તુલસી રઘુવર ઉર બસે, ઈન્દ્ર બાપડો કૌન ?"

ગુરુસંતોની આવી સ્થિતિ છે. તેમણે આપણી પાસેથી કાંઈ જ નથી જોઈતું. આપણે જે કાંઈ કરીએ છીએ તે આપણા સંતોષ-સમાધાન માટે છે.

ગુરુપૂર્ણિમાના દિવસે આપણે સર્વે જ્ઞાત-અજ્ઞાત સર્વ ગુરુ-સંતોને ઋણમુક્તાંજલિ-પ્રેમપુષ્પાંજલિ સમર્પીને પરમગુરુ પરમાત્માના અખૂટ ભંડારમાંથી સુખ-શાંતિના ધોધને આપણી તરફ આકર્ષી લઈએ કે જે સર્વે જીવો ઉપર એવા વરસે, એવા વરસે કે સૌને નર્યા-નીતર્યા કરીને સ્વરૂપસ્થ કરી દે.

જય ગુરુ પરમાત્મા, સૌને બનાવો દિવ્યાત્મા.
(પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી રચિત 'પ્રેરણાસિંધુ' પુસ્તકમાંથી સાભાર)

ગુરુપૂર્ણિમા- મહોત્સવ

તા. ૩૧-૦૭-૨૦૧૫, શુક્રવાર **સંકલન - શશિકાંત પટેલ**

સામાજિક, રાષ્ટ્રીય, ધાર્મિક, આધ્યાત્મિક એમ અનેક રીતે પર્વ ઊજવવામાં આવે છે. આ સર્વે પર્વ પોત-પોતાની રીતે મહત્ત્વ ધરાવતાં જ હોય છે. તેમ છતાં આ સર્વે પર્વોમાં આધ્યાત્મિક પર્વનું મહત્ત્વ વધુ છે. તેમાં પણ ગુરુપૂર્ણિમા-પર્વનું મહત્ત્વ સવિશેષ ગણવામાં આવ્યું છે. કેમ કે 'ગુરુપૂર્ણિમા'-પર્વ એ મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે, તે મોક્ષરૂપી આત્યંતિક સુખને પામવા માટે જરૂરી સમજણપૂર્વકનો અવિરત પુરુષાર્થ કરવા માટેનું પ્રેરકબળ આપતું પર્વ છે, તેથી તે મહાપર્વ કહી શકાય. તો, આવા ગુરુપૂર્ણિમાના મહાપર્વની ઉજવણી દર વરસે શિષ્યો ખૂબ જ ભક્તિભાવથી પ્રેમપૂર્વક કરતા હોય છે. તે જ રીતે ઓમ્ પરિવારના સૌ ગુરુભક્તો પણ પ.પૂ. ગુરુદેવના કૃપા-

આશીર્વાદથી આ મહાપર્વની ઉજવણી ખૂબ જ આનંદ-ઉત્સાહ-ભક્તિભાવથી એકસંપ થઈને પ્રેમપૂર્વક દર વરસે કરે છે. તો, તા. ૩૧-૭-૭૫ ને શુક્રવારે ગુરુપૂર્ણિમા હોવાથી તે દિવસે ઓમ્ પરિવારના સર્વે ભક્તોએ આ મહાપર્વની ઉજવણી પુલકિતહૃદયે હર્ષપૂર્વક કરી હતી. તે પ્રસંગે પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીમહારાજે સર્વે ભક્તોને કલ્યાણપથમાં આગળ વધી મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે, તે મોક્ષરૂપી આત્યંતિક સુખને પામવા માટેની પ્રેરણા આપતા આશીર્વચનની હેલી વરસાવી, તે નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીમહારાજનાં આશીર્વચન

ગુરુપૂર્ણિમા નિમિત્તે સર્વેનું સ્વાગત-વંદન અભિનંદન-આશિષ.

તમે સૌ ગુરુપ્રેમીઓ બાર મહિના સુધી આજના દિવસની એટલે કે ગુરુપૂર્ણિમા-પર્વની ખૂબ જ આતુરતાપૂર્વક રાહ જોતા હોવ છો. આ દિવસે તમે સૌ કલ્યાણપથના પથિકો ભેગા થઈ આધ્યાત્મિક-સાત્ત્વિક આનંદનો લહાવો લો છો અને બીજાને તેનો લાભ આપો છો તે તમારી ઊંચી સમજણની પ્રતીતિ કરાવે છે. આપણા સ્ટીકરમાં નીચે મુજબનું જે લખાણ છે,

''પરમ્ગુરુ પરમાત્માની પ્રાપ્તિ તારું લક્ષ પરમ્;
પ્રગટાવ પ્રભુ જીવમાત્રમાં, એ જ તારો ધર્મ ચરમ્.''

તે, અમારા જીવનના મુખ્ય ધ્યેયને તમે સૌ યથા શક્તિ-ભક્તિ-મતિથી અનુસરી રહ્યા છો, તે ખૂબ જ આનંદની વાત છે. ગુરુજી નિષ્કામભાવે જીવ-જગતના કલ્યાણ માટે જે કાંઈ કરી રહ્યા છે, તેમાં સહાયક થવાની ઉચ્ચ ભાવનાથી યથાશક્તિ-મતિ મુજબ નિષ્ઠા અને પ્રેમપૂર્વક જે કાંઈ પણ કરવામાં આવે તે ગુરુસેવા જ ગણાય. ગુરુજીના હાથ-પગ દબાવવા, કપડાં ધોવાં-રૂમ સાફ કરવો તે પણ ગુરુસેવા જ છે. તે સ્થૂળ ગુરુસેવા છે. તમે સૌ કરી રહ્યા છો તે સૂક્ષ્મ ગુરુસેવા છે. નિષ્કામભાવે કરવામાં આવતી સર્વે ગુરુસેવા કલ્યાણપથમાં વેગપૂર્વક આગળ વધવામાં અત્યંત સહાયક છે. તમે સૌ કરી રહ્યા છો, તે તમારી ગુરુજી પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિ-પ્રેમ ઊંચી સમજણની પ્રતીતિ કરાવે છે. અમારા પ્રત્યે તમારી અંદર રહેલા ઊંચી સમજણપૂર્વકના પ્રેમના કારણે અમને પણ કાર્યક્રમમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહી તમને સૌને રૂબરૂ મળવાની તથા સાત્ત્વિક આનંદનો લાભ લેવાની અને આપવાની ઘણી જ ઇચ્છા થતી હોય છે, પરંતુ તમે સૌ જાણો છો કે આ શરીરને હાલમાં સિત્યાસીમું વર્ષ ચાલે છે અને થોડાક સમયમાં અઠ્યાસીમું વર્ષ શરૂ થશે (શરૂ થઈ ગયું). આથી અવસ્થાના કારણે તબિયત નરમ-ગરમ રહેતી હોવાથી તેમ થઈ શકતું નથી. ગમે તેટલા સાવધ રહીએ તોપણ પરિવર્તનશીલ પ્રકૃતિના નિયમ મુજબ ઉંમર એનું કામ કરે જ. જે અસત્ય-અધર્મમય સ્વચ્છંદી જીવન જીવે તેને તેની અસર વહેલી અને વધુ થાય. આવા લોકોનું જીવન અકાળે પરવશ અને લાચાર થઈ જાય, પરંતુ જે સમજણપૂર્વક સત્ય અને ધર્મમય સંયમ-નિયમવાળું જીવન જીવે, તેને અસર ઓછી થાય, પરવશ-લાચાર ન થાય. પરંતુ અવસ્થાના કારણે તબિયત જુવાનીમાં હોય તેવી તંદુરસ્ત-સશક્ત ન જ હોય તે સ્વાભાવિક છે. તેથી શરીર, શ્રમનો ધક્કો જેટલો ખમી શકે તેમ હોય તેનાથી વધુ શ્રમ કરવાનો પ્રયત્ન ઉત્સાહમાં આવી કરવા જઈએ, તો માંદા પડાય. આમ ન થાય તે માટે જ ઇચ્છા હોવા છતાં પણ તમારી વચ્ચે પ્રત્યક્ષ રૂપે ઉપસ્થિત થઈ શકતા નથી. પરંતુ પરોક્ષ રીતે - સૂક્ષ્મદેહે અમે તમારી વચ્ચે જ છીએ, એવી સમજણ બરાબર સમજવાની છે. તમે સૌ ઊંચી સમજણવાળા છો, તેથી પરમાત્માની કૃપાથી તેનો અનુભવ સતત કરી જ રહ્યા છો અને સત્ય અને ધર્મમય જીવન જીવી કલ્યાણપથમાં આગળ વધી રહ્યા છો તે ખૂબ જ હર્ષદાયક છે. આપણે પણ આપણા દરેક કાર્યક્રમમાં વારંવાર સત્ય-ધર્મ ગુરુદેવની જય બોલાવીએ છીએ, તેની પાછળ જે તાત્ત્વિક સમજણ રહેલી છે, તેને બરાબર યાદ રાખવાની છે. મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને મુખ્ય શું કરવાનું છે ? આ જન્મે જ મોક્ષરૂપી આત્યંતિક સુખને પામવા માટે નિષ્ઠાપૂર્વક પ્રેમથી યથાર્થ પુરુષાર્થ કરવાનો છે. સત્ય અને ધર્મ તે માટે અતિ આવશ્યક

અને સહાયક પરિબળ છે. એટલે કે સત્ય-ધર્મમય જીવન જીવવું અતિ અનિવાર્ય છે. તે બેમાંથી એકમાં પણ જો ચૂક થાય તો આપણે મોક્ષમાર્ગમાં આગળ વધતા અટકી જઈએ. પરિણામ જન્મ-મરણના ચકરાવામાં ચડી જઈએ, મનુષ્યજન્મ સાર્થક ન થાય. 'સત્ય-ધર્મ ગુરુદેવની જય' આ સનાતન સત્યની આપણને સતત યાદ અપાવે છે. તેથી તે વારંવાર બોલીએ છીએ કે જેથી તેની વિસ્મૃતિ ન થાય. સંસાર-વહેવારમાં રહેવા છતાં પણ તેની યાદ સતત આપણી સાથે રહે, આપણે જીવનમાં સતત સાવધ રહીએ. આવી કલ્યાણકારી સાચી સમજણની વાતો પરમાત્માની કૃપા-પ્રેરણાથી આપણા દરેક કાર્યક્રમમાં સતત થતી જ હોય છે જે લાભ તમે સૌ લઈ રહ્યા છો. ભક્તોની ખૂબ જ ઉમદા વિનંતીપૂર્વકની માંગણી હતી કે જો આવી કલ્યાણકારી તાત્ત્વિક વાતો ફેસબુક ઉપર મુકાય તો વિશ્વભરના જિજ્ઞાસુ તેનો લાભ લઈ શકે. તેથી 'આજનું ભાથું' શીર્ષક નીચે 'જીવનપાથેય' એવી સાચી સમજણની તાત્ત્વિક વાતો એકદમ સાદી-સરળ ભાષામાં દરરોજ મૂકવામાં આવે છે. ચારે બાજુથી તેને ખૂબ જ બહોળો આવકાર આધ્યાત્મિક જિજ્ઞાસુઓ તરફથી મળી રહ્યો છે. તેને દરરોજ નિયમિત વાંચનાર વર્ગ પણ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. હવે તો એવું બને છે કે જ્યાં ફેસબૂક ઉપર લખાણ મૂકવામાં આવે તેની પાંચ જ મિનિટમાં અમને ગમ્યુ એમ ફેસબુક ઉપર લખાઈને આવવા માંડે છે. એના ઉપરથી સમજી શકાય છે કે જિજ્ઞાસુઓ રાહ જોઈને જ બેઠા હોય છે કે ક્યારે ફેસબુક પર 'આજનું ભાથું' લખાણ આવે અને વાંચીએ. પરમાત્માની કૃપાથી જ આ બધું થાય છે. મુખ્ય વાત છે મનુષ્યજન્મને સાર્થક કરવા માટેની જરૂરી સાચી સમજણને પ્રાપ્ત કરવાની, જિજ્ઞાસા-ઉત્કંઠા મનમાં તીવ્ર રહેલી હોય તો જ આમ થાય. તમારા સૌમાં તે ભરેલી જ છે, તેથી ગુરુપૂર્ણિમા-મહોત્સવમાં ગમે તેટલો વરસાદ હોય, ગાડીઓ, બસો, અનિયમિત હોય, તેમાં બેસવાની જગ્યા મળે કે ના મળે તેમ છતાં પણ કાર્યક્રમમાં ઉપસ્થિત થવામાં રસ્તામાં પડતી અનેક હાડમારીને હસતાં-હસતાં વેઠી કાર્યક્રમનો આનંદપૂર્વક લહાવો લેવા ઉપસ્થિત થાવ છો, તેની પાછળ મુખ્ય કયું પરિબળ કામ કરે છે ? તમારા સૌમાં કાર્યક્રમની મહત્તા તથા ગુરુજી પ્રત્યેનો નિઃસ્વાર્થપ્રેમ છલકાઈ રહ્યો છે, તે તમને કાર્યક્રમમાં ખેંચી લાવે છે, તે માટે પ્રેરે છે, જેથી મહોત્સવના દરેક કાર્યક્રમનો લાભ મળે અને તન-મનમાં નવો ઉત્સાહ વધે જેથી કલ્યાણપથમાં સારી રીતે આગળ વધી શકાય. આપણા દરેક કાર્યક્રમમાં વાચિક ગાયત્રીમંત્રના જાપ તથા દીર્ઘ પ્રણવોચ્ચાર અચૂક કરવામાં આવે છે. કેમકે ગાયત્રીમંત્ર બુદ્ધિની શુદ્ધિનો મંત્ર છે. જો બુદ્ધિ શુદ્ધ હશે તો જ મનુષ્યજન્મ સાર્થક કરી શકીશું. વળી ગાયત્રીમંત્રના વાચિક જાપ તથા દીર્ઘ પ્રણવોચ્ચારથી સહજ રીતે જ પ્રાણાયામનો લાભ મળે છે. રુધિરાભિસરણ વ્યવસ્થિત થાય છે. નસનાડીઓ શુદ્ધ થાય છે. પરિણામે તન-મનમાં તાજગી અને સ્ફૂર્તિ આવે છે. તેથી કલ્યાણપથમાં અતિ ઉત્સાહપૂર્વક આગળ વધી શકાય છે. સૌ કોઈએ પોતાના નિત્ય જીવનક્રમમાં આને આવરી લેવા જોઈએ પરંતુ જો તેમ ન કરી શકાય તો કાર્યક્રમમાં અચૂક લાભ લેવો જ જોઈએ. તે માટે સૌ કોઈએ કાર્યક્રમમાં સમય સહઉપસ્થિત થવાનો આગ્રહ રાખવો જોઈએ. તો જ આપણને તેનો પૂરો લાભ મળે. આજે પણ તમે સૌએ તેનો લાભ લીધો જ હશે.

ગુરુ-સંતો આપણને કલ્યાણપથમાં આગળ વધવા માટે, મનુષ્યજન્મ સાર્થક કરવા માટે અનેક સરળ યુક્તિ-પ્રયુક્તિ બતાવવા હોય છે. આપણે તેનો જેટલો વધુ લાભ પ્રેમ-ધીરજ-નિષ્ઠાપૂર્વક લઈએ તેટલો વધુ ફાયદો થાય. કબીરે પણ તેમના એક દોહામાં કલ્યાણને પામવા માટે સુંદર વાત કહી છે. તેમણે શું કહ્યું છે ? તેમણે કહ્યું છે કે –

"કબીર કહે કમાલ કો, દો બાતા શીખ લે;
કર સાહબ કી બંદગી, ઔર ભૂખે કો અન્ન દે."

કમાલ કબીરનો પુત્ર અને શિષ્ય બેય છે. તેને કહે છે કે કલ્યાણપદને પામવા માટે જીવનમાં બીજું કાંઈ જ કરી શકીએ નહીં તો આ બે વાત બરાબર પાકી કરી તેને અમલમાં મૂકવી જોઈએ, તે પ્રમાણેનું જીવન જીવવું જોઈએ. કબીર કહે છે કે જીવનમાં વધુમાં વધુ સાહેબની બંદગી અર્થાત્ પરમાત્માનું ભજન-પ્રાર્થના કર એટલે કે જીવનમાં

વધુમાં વધુ નિષ્કામભાવે સત્કર્મ કર તથા ભૂખ્યા જીવને પ્રેમથી જમાડ, તેનો જઠરાગ્નિ શાંત કર. કબીરને બીજુ કાંઈ નહીં અને આવું શા માટે કહેવું પડ્યું ? કેમકે તેઓ જાણતા હતા કે આ ભૌતિકપ્રધાન સમાજવ્યવસ્થાના કારણે મોટા ભાગે સૌ કોઈ ભૌતિક ઐશ્વર્યને પ્રાપ્ત કરી તેને ભોગવવા માટેના પ્રયત્નમાં આંધળી દોટ લગાવી રહ્યા છે. પરિણામે મનુષ્યજન્મની સાર્થકતા જે મોક્ષપ્રાપ્તિના મુખ્ય ધ્યેયમાં સમાયેલી છે, તેનું વિસ્મરણ થઈ ગયું છે. પરિણામે જન્મ-મરણના ચકરાવે ચડી પારાવાર દુઃખ અને માત્ર દુઃખ જ ભોગવે છે પ્રાપ્ત કરે છે. આમ, દોહ્યલો મનુષ્યજન્મ એળે ન જાય અને સાર્થક થાય તે માટે વધુ ને વધુ ભજનરૂપી સત્કર્મ કરવાની શીખ આપે છે. કબીર આગળ કહે છે કે આપણે ભજનમાં-સાત્ત્વિક જીવન જીવવામાં-નિષ્કામ સત્કર્મો કરવામાં આળસુ રહી તે પ્રત્યે દુર્લક્ષ સેવી અને માત્ર ભોજનમાં હોંશિયાર-ઉત્સાહિત રહી, એ મુખ્ય વાત ભૂલી જઈએ છીએ કે ભોજનની જરૂર ભજનમાં સહાયરૂપ થવા માટે છે. પરિણામે સારી રીતે ભજન કરવા માટે તેને અનુરૂપ આરોગ્યપ્રદ-સુપાચ્ય ભોજન કરવામાં અસાવધ રહીએ છીએ. માત્ર સ્વાદ માટે ભોજન કરવાથી તન-મનમાં શિથિલતા આવે છે, જેથી ભજન કરી શકતા નથી, જન્મ સાર્થક થતો નથી. જીવનમાં આવું બને નહીં અને સારી રીતે ભજન કરી જીવનને સાર્થક કરવા માટે તેને અનુરૂપ ભોજનની અનિવાર્યતા રહેલી છે. આ માટે કબીર આપણને સાવધ કરે છે.

તુલસીદાસજીએ પણ કહ્યું છે કે –

"પ્રભુ ભજનમેં આલસી, ભોજન મેં હોંશિયાર;
તુલસી એસે જીવ કો, લાખ બાર ધિક્કાર."

તુલસીદાસજી કહે છે કે પ્રભુની ભક્તિમાં અર્થાત્ નિષ્કામ સત્કર્મોમાં ઉદાસીન રહે, તે પ્રત્યે દુર્લક્ષ સેવે અને માત્ર ભોજન કરવામાં તત્પર રહે તેવા મનુષ્યનો અવતાર એળે ગયો ગણાય. આવા મનુષ્યને એક વાર નહીં પરંતુ લાખ વાર ધિક્કાર છે, કેમકે તેણે મનુષ્યજન્મ સાર્થક કરવા માટે સહેજ પણ પુરુષાર્થ, સમગ્ર જીવન દરમિયાન કર્યો નહીં. તુલસીદાસજીએ જે કહ્યું તેના શાબ્દિક અર્થને આપણે સમજ્યા. હવે તેને તાત્ત્વિક રીતે સમજવાનો પ્રયત્ન કરીએ. ભોજનને બે રીતે સમજી શકાય. એક તો તનની સ્વચ્છતા માટે ધાન-ફળ-ફળાદી રૂપી સાદું-સુપાચ્ય - આરોગ્યપ્રદ ભોજન અને બીજી સંયમ-નિયમવાળું સાત્ત્વિક આચાર-વિચારરૂપી મનનું ભોજન. આ બંને પ્રકારનાં ભોજનની મનુષ્યજન્મ સાર્થક કરવા માટે અતિ અનિવાર્યતા છે. બંનેમાંથી એક પણમાં દુર્લક્ષ સેવીએ તો મનુષ્યજન્મ સાર્થક થાય નહીં. કેમકે જો સાત્ત્વિક-સાદુ-સુપાચ્ય ભોજન વિવેકપૂર્વક લઈએ નહીં અને માત્ર જીભના સ્વાદ ખાતર અકળાંતિયાની માફક લઈએ તો શરીરમાં આળસ-શિથિલતા આવે. ઘણી વાર રોગના ભોગ બની જઈએ. તેથી ભજનરૂપી સત્કર્મો કરવામાં પાછા પડીએ. હવે જો શરીર તંદુરસ્ત હોય પરંતુ ભૌતિક ભોગો ભોગવવામાં મસ્ત બની સાત્ત્વિક જીવન જીવવાને બદલે સ્વચ્છંદી જીવન જીવીએ તોપણ ભજનરૂપી સત્કર્મો કરી શકીએ નહીં, તેમ કરવાનો ભાવ જ હૃદયમાં જાગે નહીં. પરિણામે મનુષ્યજન્મ સાર્થક થાય નહીં. આવું જીવન જીવનારને લાખ વાર ધિક્કાર છે. એમ તુલસીદાસ કહે છે. સંતો જ્યારે ધિક્કારે, ત્યારે અધોગતિની પરાકાષ્ઠા ગણાય. મનુષ્યજન્મ સાર્થક કરવા માટે સંતો આપણને ચેતવે. પ્રેરણા આપે, કાંઈ લાકડી લઈને મારે નહીં. આપણને ટકોર કરે. ઈશારો કરે. આપણે તેને પકડી લેવું જોઈએ. જેમ તેજણને ટકોર-વીજળી ઝબકારે મોતી પરોવી લેવું જોઈએ. તો જ આપણું કલ્યાણ થાય. સંતોનું તો જીવન જ જીવજગતના કલ્યાણ માટે સમર્પિત હોય છે. તેઓ તેમ કરતા જે કાંઈ તકલીફો પડે તે હસતે મુખે સહન કરી લેતા હોય છે. તેથી આ અનુભવીઓએ કહ્યું છે કે –

"સરોવર-તરુવર-સંત જન, ફલે-ફૂલે પરહેત;
ઈતતે વો પાહન હનત, ઉતતે વો ફલ દેત."

સરોવરમાં આપણે ગમે તેટલી ગંદકી ઠાલવીએ તોપણ તે આપણને જળ આપી આપણી પ્યાસ બુઝાવે છે. જીવન ટકાવવા માટે મુખ્ય જરૂરી એવા જળને આપી આપણું જીવન ટકાવે છે. ઝાડ ઉપર પથ્થર ફેંકીએ તો સામે તે

આપણને ફળ આપે છે, જેના સેવનથી આપણે તૃપ્ત થઈએ છીએ. સંતો પણ આપણે તેમની નિંદા કરીએ, હાંસી ઉડાવીએ, ધુત્કારીએ તો તેથી તેઓ આપણી ઉપર ગુસ્સે થતા નથી, પરંતુ આપણા એવા અજ્ઞાની વર્તનને નજરઅંદાજ કરી સતત આપણું કલ્યાણ કરવા જ પ્રયત્ન કરતા હોય છે. આપણને મનુષ્યજન્મ સાર્થક કરવાના જરૂરી પુરુષાર્થને કરવા માટે સતત પ્રેરતા હોય છે, જેથી આપણે તેમના પ્રેરિત માર્ગે જીવન જીવીએ અને

"પુનરપી જનનમ્, પુનરપી મરણમ્,
પુનરપી જનની, જઠરે શયનમ્"

દારુણ દુઃખદાયક એવા જન્મ-મરણના ચકરાવામાંથી છૂટી જઈ શાશ્વત સુખને પામીએ. પરંતુ આપણે એ વાતનું સતત સ્મરણ રાખવાનું છે કે આપણે જે કાંઈ કરીએ તે આપણા પોતાના કલ્યાણ માટે જ કરવાનું છે સંતો કે પરમાત્મા માટે આપણે કરવાનું નથી. પરંતુ ફરી જન્મવું-મરવું તે દરમિયાન ગર્ભાવસ્થાની નરક સમાન દારુણ યાતના અને પછી સમગ્ર જીવન દરમિયાન ભોગવવા પડતા સઘળાં દુઃખમાંથી છૂટવા માટે કરવાનું છે. જીવનમાં સુખ કરતાં દુઃખનું પ્રમાણ જ વધુ છે. ભૌતિકજગતનાં સઘળાં સુખો અંતે દુઃખ આપનારાં છે. તે સઘળાં સુખો આભાસી છે પરંતુ અજ્ઞાનતાના કારણે આપણે તેને સુખ સમજી આનંદ પામીએ છીએ. તેવાં સુખો વધુ ને વધુ પ્રાપ્ત કરવા તેની પાછળ આંધળી દોટ લગાવીએ છીએ. અજ્ઞાનતાવશ આવા ક્ષણભંગુર સુખો ક્યારે દુઃખમાં પરિવર્તિત થાય છે, તેની પણ આપણને ખબર પડતી નથી. જ્યારે વિચારવંત-મુમુક્ષ-જિજ્ઞાસુ-કલ્યાણકામીઓને આવા સઘળા સુખ અંતે દુઃખ આપનારા જ લાગે છે. 'પાતાંજલ યોગદર્શન'ના **સાધનપાદના** સૂત્ર નં.-**૧૫**માં પતંજલી મુનીએ જણાવ્યું છે કે –

"પરિણામ તાપ સંસ્કાર દુઃખ દુર્ગુણ વૃત્તિ
વિરોધાચ્ચ દુઃખમેવ સર્વં વિવેકિનઃ"

પતંજલિમુનિએ શું કહ્યું છે ? જગતનાં તમામે તમામ સુખ પરિણામ-તાપ અને સંસ્કાર રૂપે તથા ત્રિગુણના સંઘર્ષને કારણે અંતે દુઃખ જ આપનારા છે. તેથી કલ્યાણકામી જનોને આવા ભૌતિકજગતના સઘળાં આભાસી સુખોમાં સ્હેજ પણ રસ નથી હોતો, તેના પ્રત્યે તેઓ લેશમાત્ર લાલાયિત થતા નથી. તેનાથી તેઓ અલિપ્ત ઉદાસીન જ રહે છે. એનો અર્થ એવો નથી કે તેઓ નિષ્ક્રિય જીવન જીવે છે. જન્મ ધારણ કર્યો છે તો જીવન જીવવા માટે - ટકાવવા માટે જરૂરી કર્મો કે જેની જીવનમાં અનિવાર્યતા છે, જે કરવા જ પડે તેમ છે તે તો કરવા જ પડે. પરંતુ જે જરૂરી નથી તેવાં કર્મોથી સભાનતાપૂર્વક દૂર જ રહેવું જોઈએ. જેથી જન્મ-મરણના ચકરાવે પાછું ના ચડવું પડે. આવી કલ્યાણકારી સાચી સમજણની વાતો, આપણે અવારનવાર ગુરુ-સંતોના-આચાર્યજનોના સાંનિધ્યમાં પ્રેમપૂર્વક જઈએ તો સાંભળવાનો અમૂલ્ય લ્હાવો પ્રાપ્ત થાય. તેમના ચિંધ્યારાહે જીવન જીવીએ તો કલ્યાણને પામીએ-મનુષ્યજન્મ સાર્થક થાય. સાચા આચાર્ય તેને કહેવાય કે જે પોતે કલ્યાણકારી સાત્ત્વિક કર્મોનું આચરણ કરે અને બીજાને તેમ કરવા પ્રેરે. આ ત્યારે જ બને કે જ્યારે આપણને સત્સંગમાં હૃદયપૂર્વકની રુચિ હોય, તેનું મૂલ્ય આપણે સમજી શકતા હોઈએ. આપણે મંદિરમાં દર્શનાર્થે જઈએ છીએ. કથા સાંભળવા જતા હોઈએ છીએ. આવા આધ્યાત્મિક કાર્યક્રમમાં જતા હોઈએ છીએ. આમ, જુદા-જુદા સત્સંગના કાર્યક્રમમાં જતા હોઈએ છીએ. તેમાં જે કાંઈ કલ્યાણકારી સાચી સમજણની વાતો સાંભળીએ છીએ તેને સમજણપૂર્વક જીવનમાં ઉતારીએ તો ગયા લેખે લાગે. બાકી તો દેખાદેખી કે શરમે-ભરમે કે કોઈને સારું લગાડવા જઈએ અને એ બધી વાતો એક કાનથી સાંભળી બીજા કાનેથી કાઢી નાંખીએ, એટલે કે તેને જીવનમાં ઉતારીએ નહીં તો આપણે ઠેરના ઠેર જ રહીએ. આપણું કલ્યાણ કદી પણ થાય નહીં. તેથી તો આપણો સમય વેડફાય કહ્યું છે ને કે 'દેખાદેખી સાથે જોગ, છાજે કાયા બાઢે રોગ.' હરિફાઈ - ઈર્ષા કે દેખાદેખીથી માત્ર અહમ્‌ને પોષવા માટે આવા સાત્ત્વિક કાર્યક્રમમાં જઈએ અને તેનો નિષ્ઠાપૂર્વક જીવનમાં અમલ કરીએ નહીં અને સ્વચ્છંદી જીવન જીવીએ તો તન-મન બેયમાં શિથિલતા આવે છે અને ક્યારેક રોગના ભોગ બની જઈએ

છીએ. એ વાત બરોબર સમજી લેવી જોઈએ કે મનુષ્ય જન્મે જ યોગ્ય પુરુષાર્થથી કૈવલ્યને પામી શકાય છે. શાસ્ત્રોમાં મુખ્ય ત્રણ યોની ગણાવાઈ છે, મનુષ્ય, પશુ અને પક્ષી. તેમાં ભય-મૈથુન-આહાર અને નિંદ્રા આ કાર્યો સમાન રીતે થાય છે. છતાં પણ મનુષ્યયોનિને સવિશેષ ગણી છે. કેમકે મનુષ્ય જ મોક્ષ માટે વિચારી શકે છે, તે માટે નિષ્ઠાપૂર્વક પુરુષાર્થ કરી શકે છે. તેથી પરમાત્માની કૃપાથી તથા આપણાં સંચિત સત્કર્મોથી ફળ સ્વરૂપ આપણને મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે તો આ જન્મે મોક્ષપ્રાપ્તિ માટે સભાનતાપૂર્વક પ્રયત્ન કરવો જ જોઈએ. આપણે જો તેમ કરી શકીએ નહીં તો આપણે પણ શીંગડા-પૂંછડા વગરના પશુ જ કહેવાઈએ, સાચો મનુષ્ય તે છે કે જે કૈવલ્યને - આત્યંતિક સુખને પામવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે.

આ બધું, તમે વર્ષોથી સાંભળો છો. તેને સમજણપૂર્વક જીવનમાં ઉતારી રહ્યા છો તેનો સંતોષ છે. પરમકૃપાળુ પરમાત્મા તમને તે માટે વધુ ને વધુ સમજણ આપે જેથી વધુ પુરુષાર્થ કરી શકો તેવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના.

ફરી ફરી સર્વેને હાર્દિક આશીર્વાદ - શુભેચ્છા
સર્વેને જયનારાયણ - જય ઓમ્ ગુરુદેવ.
ઓમ્ નમઃ પાર્વતી પતયે હરહર મહાદેવ હર.
ઓમ્... ઓમ્... ઓમ્...

વિશ્વકલ્યાણનો સંકલ્પ કરીને ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઊજવીએ

- યોગભિક્ષુ

જેમ દરેક તિથિઓમાં પૂનમની મહત્તા છે, તેમ દરેક પૂનમમાં ગુરુપૂનમની મહત્તા છે. ગુરુપૂનમ એટલે કે જે લઘુ નથી તેવી પૂનમ, ગુરુતાયુક્ત પૂનમ, સ્વ-પરનું કલ્યાણ સાધવાની પૂનમ.

જેણે ગુરુ ધારણ કર્યા નથી તેને લોકો નૂગરો કહે છે, નુગરાપણું એક લાંછનરૂપ ગણાય છે. કોઈ એક એવા વ્યક્તિવિશેષને ગુરુ તરીકે ધારણ કરવાના છે, કે જેમની પાસે આપણું અભિમાન મૂકી શકીએ અને એ રીતે સતત અભિમાનની ભીંસમાં ભીંસાવામાંથી મુક્ત થઈ શકીએ. ગુરુસંતોનું શરણું સ્વીકારવા છતાંય જો સતત માથા ઉપર રહેતી અભિમાનની પોટલીને ફેંકી ન દઈ શકીએ, તો ગુરુ ધારણ કર્યાનો કોઈ લાભ નથી.

દત્તાત્રેયે ચોવીસ ગુરુ કર્યા હતા અને તેથી તેઓ પણ ગુરુ બની શક્યા હતા. માનીએ કે ન માનીએ પણ આપણા તો અનંત ગુરુઓ છે. સમસ્ત વિશ્વ આપણું ગુરુ છે. જન્મ્યા ત્યારથી તે અત્યાર સુધીમાં, જાણ્યે-અજાણ્યે આપણે વિશ્વ પાસેથી ખૂબ લીધું છે - વિશ્વે આપણને ખૂબ દીધું છે. જેમણે જેમણે જે કાંઈ આપ્યું છે, તેમને તે પાછું આપી દઈએ તો આપણું અસ્તિત્વ જ નથી રહેતું. વિશ્વઋણમાંથી ઉઋણ થવાનો દિવસ ગુરુપૂર્ણિમા છે. વિશ્વગુરુઓના પ્રતિનિધિ તરીકે તે દિવસે આપણે કોઈ એક વિશિષ્ટ, પવિત્ર, શ્રદ્ધેય વ્યક્તિના ચરણમાં આપણી શ્રદ્ધાંજલિ અર્પી શકીએ.

ગુરુપૂર્ણિમાએ પોતાના ગુરુસંતો સાથે ત્રણ રાત્રી રહેવાનું વિધાન છે. વર્ષભર જાણ્યે-અજાણ્યે જે કાંઈ ભૂલો કરી હોય તેનો ગુરુ સમક્ષ મૌખિક યા માનસિક એકરાર કરીને માફી માંગીએ અને હવે પછી આવી ભૂલો નહિ કરીએ તે માટે સંકલ્પબદ્ધ થઈએ. આવતું આખું વર્ષ વિશ્વના જીવો માટે તન-મન-ધનથી અને વિચાર-વાણી અને વર્તનથી કલ્યાણકારી પ્રયત્નો પ્રમાણિકપણે કરીશું તે માટે ગુરુપૂનમના દિવસે પ્રતિબદ્ધ થઈએ.

ભૂખ્યા થયા હોઈએ ત્યારે આપણે કોઈના આગ્રહની રાહ જોયા વિના જ જમવા બેસી જઈએ છીએ, તેમ ગુરુસંતોના સત્સંગનો અને દર્શનનો લાભ લેવા જવા માટે કોઈના સંગાથની કે કોઈના આમંત્રણની રાહ ન જોઈએ. ગુરુદર્શને જવામાં આપણો સ્વાર્થ સધાવાનો છે એ વાત કદી ન ભૂલીએ. ગુરુસંતો જોડે ત્રણ દિવસ જેવા સંયમ, નિયમ અને મર્યાદામાં રહ્યા હોઈએ તે પ્રમાણે આખું

વર્ષ વર્તવાનો પ્રયત્ન કરીએ. આખું વર્ષ અને આખું જીવન કેવી રીતે જીવવાનું છે તેની તાલીમ આ ત્રણ દિવસમાં લેવાની છે. આ રીતે ગુરુપૂર્ણિમા જીવનભરનું કલ્યાણ ભાથું પૂરું પાડે છે. માટે તેનું અમૂલ્ય મહત્ત્વ છે.

પૃથ્વીમાં સાતે રસ છે પણ આપણે જેનું બી વાવીશું તે જ રસ આપણને તે આપે છે, તેમ ગુરુસંતો તરફ પણ ઘણી ઊંચી ભાવના રાખીને તેમની પાસેથી ખૂબ કલ્યાણકારી મેળવીએ. ચારણી તો મણબંધી અનાજને સાફ કરે છે પણ પોતે તો કચરો જ સંગ્રહે છે, તેમ આપણે ન કરીએ. આપણે ગુણગ્રાહી બનીએ. ગાયનું અમૃત જેવું દૂધ તો તેના વાછરડાને મળે છે, તેના આઉમાં ચોંટેલી ઇતરડીને તો ગાયનું લોહી તથા પસીનો જ મળે છે.

આપણે તો ક્ષણે-ક્ષણ ગુના કરતા હોઈએ છીએ પણ ઉદારતાની સાક્ષાત્ મૂર્તિસમા ગુરુજનો આપણા ગુનાઓને ધ્યાન પર જ નથી લેતા. તેઓ જાણે છે કે આપણે કેટલા પાણીમાં છીએ! તેથી તેઓ આપણને પપલાવી-પપલાવીને રાખે છે. તેઓ સમજે છે કે આ પામર જીવો માંડમાંડ કલ્યાણપથ પર ડગલાં માંડતા થયા છે તેમને કાંઈક અપ્રિય કહીશું, તો તે ભાગી જશે.

ગુરુજનોને જ્યારે ખાતરી થઈ જાય છે કે ધક્કો મારવા છતાંયે, કઠોર વચન કહેવા છતાંય, લાફો મારવા છતાંય આપણે ભાગી નહિ જઈએ તેટલા અધિકારી થઈ ગયા છીએ, કલ્યાણની કિંમતને તેટલી સમજી શક્યા છીએ, ત્યાર પછી તેઓ આપણા અજ્ઞાનને ઝૂડી-ઝાપટીને સાફ કરી નાખે છે અને તે માટે ગુસ્સાની જરૂર પડે તો ગુસ્સો કરે છે, થપ્પડની જરૂરત પડે તો તેઓ થપ્પડ પણ મારે છે.

ગુરુજનો આપણા પર ગુસ્સો કરવાની હિંમત કરી શકે તેટલા આપણે અધિકારી અને તેમના આત્મીય બનીએ.

વર્ષાનું સઘળું જળ જેમ નદીઓમાં અને નદીઓનું સઘળું જળ જેમ સાગરમાં સમાય છે, તેમ ગુરુસંતોને ભાવનાપૂર્વક કરેલા પ્રણામ પરમગુરુ પરમાત્માને પહોંચી જાય છે. પરમાત્મા સર્વવ્યાપક છે. મુનિ પતંજલિએ પરમગુરુ પરમાત્માના સ્વરૂપનું વર્ણન આવું કર્યું છે :

(૧) એવું વિશેષ ચૈતન્ય કે જેમાં ક્લેશ, કર્મ, વાસના અને કર્માશય નથી તે ઈશ્વર છે,
(૨) તેઓ(ઈશ્વર) સંપૂર્ણ સર્વજ્ઞ છે,
(૩) તેઓ(ઈશ્વર) ત્રણે કાળના ગુરુઓના પણ ગુરુ છે,
(૪) તેમને(ઈશ્વરને) કાળ છેદી-ભેદી શકતો નથી,
(૫) તેમનું(ઈશ્વરનું) નામ પ્રણવ (ઓમ્) છે,
(૬) તેનો (ઓમ્નો) જપ, અર્થ સહિત કરવાથી વિઘ્નોનો નાશ થાય છે.

ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુસંતોના પૂજનના માધ્યમથી પરમગુરુ ઓમ્પરમાત્માનું પૂજન કરીને તથા બહુજન હિતાય, બહુજન સુખાયનું વ્રત લઈને ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઊજવીએ. આજ સુધીની ગુરુપૂર્ણિમા ભલે ગૌણપણે ઊજવી પણ આજની ગુરુપૂર્ણિમા ઉપર્યુક્ત સંકલ્પ કરીને વિશેષરૂપે ઊજવીએ.

પાની બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ;
દોનો હાથ ઉલેચીએ, યહી સજ્જન કા કામ.
લઘુતાસે પ્રભુતા મિલે, પ્રભુતાસે પ્રભુ દૂર;
કીડી મિશ્રી ખાત હૈ, હસ્તી ફાકત ધૂલ !

(પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી રચિત 'પ્રેરણાસિંધુ' પુસ્તકમાંથી સાભાર)

બેસતું વર્ષ

તા. ૧૨-૧૧-૨૦૧૫ **સંકલન - શશિકાંત પટેલ**

કારતક સુદ એકમનો દિવસ એટલે બેસતું વર્ષ, આ દિવસે વિક્રમસંવતના નવા વરસની શરૂઆત થાય છે. દર વરસે બેસતા વર્ષના દિવસે ઓમ્પરિવારના ઉપક્રમે સવારના પહોરમાં આધ્યાત્મિક સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન પરમાત્માસ્વરૂપ પ.પૂ. સદ્ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીમહારાજના કૃપા-આશીર્વાદથી કરવામાં આવે છે. આ કલ્યાણકારી સાત્ત્વિક કાર્યક્રમમાં સૌ ગુરુ ભાઈ-બહેનો આનંદભેર ઉપસ્થિત થાય છે. સૌ કોઈ કાર્યક્રમમાં

સ્વાધ્યાય-સત્સંગ તથા મનુષ્યજન્મને સાર્થક કરવા માટે અતિ અનિવાર્ય એવી સાચી સમજણ આપતા ગુરુજીનાં આશીર્વચનનો ખૂબ જ ભક્તિભાવપૂર્વક લહાવો લે છે. આમ, સૌ સાત્ત્વિક પ્રવૃત્તિથી નવા વરસની શરૂઆત મૌલિક રીતે કરે છે, જેથી સમગ્ર વર્ષ દરમિયાન અતિ ઉત્સાહ-ઉમંગપૂર્વક વધુ ને વધુ સારી રીતે મનુષ્યજન્મ સાર્થક કરવાના પુરુષાર્થ દ્વારા કલ્યાણમાર્ગમાં સતત આગળ વધી શકાય. દર વર્ષની જેમ આ વર્ષે પણ વિક્રમસંવત ૨૦૭૨ના રોજ બેસતું વર્ષ હોવાથી સૌ ગુરુભાઈ-બહેનો-ભક્તો આધ્યાત્મિક સ્નેહમિલનમાં ખૂબ જ હર્ષપૂર્વક ઉપસ્થિત થયાં હતાં. તે પ્રસંગે પૂજ્યશ્રીએ કલ્યાણકારી આશીર્વચનનો જે સ્રોત વહાવ્યો, તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીમહારાજના આશીર્વચન (ફોન દ્વારા)

સર્વેનું સ્વાગત - વંદન - અભિનંદન - આશિષ-બેસતા વર્ષ નિમિત્તે ખૂબ-ખૂબ શુભેચ્છા.

ગઈ કાલે દિવાળી હતી. તમે સર્વેએ દિવાળીની ઉજવણી ખૂબ જ ઉમંગભેર કરી હશે. સામાન્ય રીતે આપણે ત્યાં દિવાળીપર્વની ઉજવણી પાંચ દિવસ કરવામાં આવે છે. ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ. તો આજે બેસતું વર્ષ છે. આજથી નવા વર્ષની શરૂઆત થઈ રહી છે. તો વીતેલ વર્ષમાં મનુષ્યજન્મ સાર્થક કરવા શું કર્યું અને હવે શું કરવું જોઈએ, તેનાં લેખાજોખાં માપવાનો દિવસ એટલે બેસતું વર્ષ એમ સમજવાનું છે. બેસતા વર્ષે નવાં વસ્ત્ર પહેરી સગાં-સ્નેહીને મળીએ. સારું ભોજન જમીએ તે બધું ગૌણ છે. પરંતુ મનુષ્યજન્મ સાર્થક કરવા અંગે ચિંતન-મનન કરવું તે મુખ્ય છે. તમે સૌ ઓમ્ પરિવાર આયોજિત આધ્યાત્મિક સ્નેહમિલનમાં ઉપસ્થિત રહી, તેનો સાત્ત્વિક લાભ લઈ નવા વર્ષની શુભ શરૂઆત કરો છો, જેથી આખું વર્ષ સાત્ત્વિક જીવન જીવવાની પ્રેરણા પ્રબળ બને. કલ્યાણપથમાં આગળ વધી મનુષ્યજીવન સાર્થક કરવાના ઉત્સાહમાં વધારો થાય. આમ, નવા વર્ષની શરૂઆત મૌલિક રીતે કરવા બદલ સૌ ખૂબ-ખૂબ ધન્યવાદને પાત્ર છો. વળી, દિવાળીમાં ઘરમંદિરમાં દીવા પ્રગટાવી ઉજાસ કરીએ છીએ તે શેનું પ્રતીક છે ? તેની આધ્યાત્મિક સમજ કેળવવાની છે. જેમ ઘરમંદિરમાં દીવા પ્રગટાવી ઉજાશ કરીએ છીએ તેમ શરીરમંદિરમાં પણ ઉજાશ ફેલાવવાનો છે. શરીરમંદિરમાં શેનો દીવો પ્રગટાવવાનો છે? સાચી સમજણરૂપી જ્ઞાનનો દીવો પ્રગટાવી ઉજાશ ફેલાવવાનો છે. પરમાત્માની કૃપાથી તથા આપણા સંચિત સત્કર્મોના મૂળ સ્વરૂપ આપણને મહામોંઘેરો મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તો મનુષ્યજીવનનું મુખ્ય ધ્યેય-ઉદ્દેશ્ય શું છે? આત્યંતિક સુખ રૂપી મોક્ષને પ્રાપ્ત કરી જન્મ-મરણના ચકરાવામાંથી કાયમ માટે મુક્ત થઈ જવાનું છે. તે માટે કયાં પરિબળો સહાયક છે તથા કયાં બાધક છે, તે અંગેની વધુ ને વધુ સાચી સમજણ પ્રાપ્ત કરવા સભાનતાપૂર્વક સતત પુરુષાર્થ કરતા રહેવું જોઈએ. તે માટે જે પરિબળ સહાયક હોય, તેનો જીવનમાં કઈ રીતે વધુ ને વધુ યોગ્ય રીતે તાલમેલ વધારવો તથા જે પરિબળ અવરોધક હોય તેને જીવનમાંથી કુનેહપૂર્વક કઈ રીતે દૂર કરવાં તે અંગેની યોગ્ય સમજણ કેળવવી જોઈએ. જેથી નિત્યાનિત્યના વિવેકની સાચી સમજણપૂર્વકનું જીવન જીવી કલ્યાણપથમાં આગળ વધી મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે, તે મોક્ષને પામવા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરી શકાય. જન્મ-મરણના ચકરાવામાંથી મુક્ત થઈ જવાય, તો આમ શરીર, મંદિરમાં સાચી સમજણનો દીવો પ્રગટાવી સાત્ત્વિકતાનો ઉજાશ પાથરવાનો છે, જેથી કલ્યાણમાર્ગમાં આગળ વધી મોક્ષને પ્રાપ્ત કરી મનુષ્યજન્મ સાર્થક કરી શકાય. મનુષ્ય જન્મે જે મુખ્ય કરવાનું છે, તે આ જ કરવાનું છે. તે સિવાયના જીવન-વહેવારનાં બધાં જ કાર્યો ગૌણ સમજવાનાં છે, કેમકે તે કાર્યો જન્મ-મરણના ચકરાવે ચડાવનારાં છે. તેનો અર્થ એમ નથી સમજવાનો કે તે કાર્યો પ્રત્યે ઉદાસીન રહેવાનું છે. જીવનમાં જરૂરી છે, તે તો કરવાં જ જોઈએ, પરંતુ તે કાર્યો મુખ્ય સમજવાનાં નથી. મુખ્ય તો એ કાર્યો છે કે જે મોક્ષપ્રાપ્તિ દ્વારા જ જન્મ-મરણના ચકરાવાથી કાયમ માટે મુક્તિ અપાવે. વળી, બેસતા વર્ષે મોઢું મીઠું કરાવવામાં આવે છે. એ શેનું પ્રતીક છે? વીતેલા વર્ષમાં

કોઈ પણ કારણસર પરસ્પર મનમાં કડવાશ પેદા થઈ હોય - મનદુઃખ થયું હોય, તેને દૂર કરી પાછો સુમેળ સાધવારૂપી મોં મીઠું કરવાનું છે. તો, દિવાળીપર્વની આપણે જે ઉજવણી કરીએ છીએ, તેને આમ તાત્ત્વિક રીતે સમજી જીવનમાં તેને ઉતારવાનો સનિષ્ઠ પ્રયત્ન કરવાનો છે, તો દિવાળી સાચી ઊજવી કહેવાય. ઓમ્ પરમાત્માને પ્રાર્થના કરીએ કે કલ્યાણમાર્ગમાં આગળ વધી મનુષ્યજીવન સાર્થક કરવામાં અત્યંત સહાયરૂપ આવી સાચી સમજણ આપવાની અમારી ઉપર સતત કૃપા કરતા રહો. સાથે-સાથે આપે કરેલી કૃપાને અમે સાચા અર્થમાં સારી રીતે સમજી શકીએ, એવી સદ્‌બુદ્ધિ આપો. જો આપણા કલ્યાણ માટે આપણા ઉપર થતી કૃપાને સમજી શકીએ જ નહીં તો ? તો આપણા અજ્ઞાનના કારણે કૃપાના ફળસ્વરૂપ આપણને જે સુખ-શાંતિની પ્રાપ્તિ થવી જોઈએ, તેનાથી વંચિત રહીએ. જેમકે પરમાત્માની અનંત કૃપાથી આપણને સુંદર શરીર-ઇન્દ્રિયો-સંપત્તિ બધું જ પ્રાપ્ત થયું હોય, પરંતુ આપણે તેના મહિમાને સમજીએ નહીં, શરીર પ્રત્યે બેધ્યાન રહી સ્વચ્છંદતાપૂર્વકનું જીવન જીવીએ તો શરીર તંદુરસ્ત-સ્વચ્છ રહે નહીં, મનુષ્યજીવન સાર્થક કરવા માટે જરૂરી પુરુષાર્થ કરી શકીએ નહીં, સમગ્ર જીવન વ્યર્થ જાય.

તમે સૌ વર્ષોથી આવી-આવી સમજણનો સત્સંગ સતત સાંભળતા રહ્યા છો, તેથી તમે આ બધું ખૂબ જ સારી-સાચી રીતે સમજતા જ હશો અને જીવનમાં નિષ્ઠાપૂર્વક ઉતારતા હશો, તેવી અમને પૂરી શ્રદ્ધા છે.

પરમકૃપાળુ પરમાત્માને ફરી-ફરી પ્રાર્થના કરીએ કે મનુષ્યજન્મ સાર્થક કરવા માટે વધુ ને વધુ સાચી સમજણ અમને સતત પ્રાપ્ત થતી રહે અને તે કૃપાને સમજવાની ખૂબ-ખૂબ સદ્‌મતિ-શક્તિ આપો.

ફરી-ફરી સર્વેને બેસતા વર્ષ નિમિત્તે ખૂબ-ખૂબ આશિષ-શુભેચ્છા.

સર્વેને ખૂબ-ખૂબ જયનારાયણ-શુભાશિષ.

ઓમ્ નમઃપાર્વતી પતેય હર હર મહાદેવ હર.

જીવન પાથેય - જીવનનું ભાથુ - આજનું ભાથુ

(પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીનું ફેસબુક પર આવતું આજનું ભાથુમાંથી સાભાર)

સંકલન : ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુ

- કોઈ પણ માણસની કમજોરીનો લાભ ઉઠાવવાની આપણા મનમાં વૃત્તિ ઉદ્‌ભવવી તે પણ આપણી એક મહા કમજોરી જ ગણાય.
- ગુરુસંતોમાં ચાલુ સર્વસાધારણ મનુષ્યો કરતાં ઘણું બધું વિશેષ જોવામાં આવે છે. તેમનું આખું જીવન જ વિશિષ્ટ પ્રકારનું છે. તેમનું આખું જીવન કાર્ય જ લોકોપકારનું છે, વિશ્વકલ્યાણનું છે, જીવોને ઊર્ધ્વમુખી પ્રવૃત્તિ કરાવવાવાળું છે.
- **ક્રોધ :** અતિ ક્રોધ એ મહા ગાંડપણ છે, તેને વશમાં રાખીએ, નહિ તો તે આપણને વશમાં કરી લેશે અને તો મહાવિનાશ નિશ્ચિત.
- **ગ્રહ :** અતિ આગ્રહ, દુરાગ્રહ અને હઠાગ્રહ જેવા ગ્રહો પર જો જીત મેળવાય, તો અન્ય ગ્રહોની કનડગતનો ડર રહેતો નથી.

★ **વિજયની :** વિજયની ઉજવણી તો ઘણાં કરે, પણ પરાજય ઊજવનારા અમે જ છીએ. - **અ.બાજપેયી**

★ ઉત્તમ પુરુષોની સંપત્તિનું મુખ્ય પ્રયોજન એ જ છે કે બીજાની મુશ્કેલીઓનો નાશ થાય.

★ સુગંધિત ફૂલોને માથામાં ધારણ કરાય છે, તેમને પગમાં કચડાતા નથી. - **કવિ કાલિદાસ**

- સાચી સમજણ, તાત્ત્વિક જ્ઞાન અને નિષ્ઠાની ભૂમિકા બંધાયેલી હોય ત્યારે જ સમર્પણભાવ સતત રહી શકે.
- જગતની કોઈ પણ વિદ્યા કે જગતનાં કોઈ પણ સુખસગવડ; યુવાની, બુઢાપો અને મૃત્યુ ટાળી શકતાં નથી.

★ આળસુ માણસ તો કામ કરવાનો વિચાર કરે ત્યાં જ થાકી જાય છે. - **આલબર્ટ બ્રી**

★ આશા એ ફૂલ વિના મધ બનાવનારી મધમાખી જેવી છે. **- ઈંગરસોલ**

- સ્વપ્નમાં જેમ શરીર વિના જ બધા અનુભવો મેળવાય છે, તેમ મોક્ષમાં ફક્ત આત્મસુખમાં જ નિમગ્ન રહેવાનું રમમાણ કરવાનું છે.
- મૃત્યુથી અભય થવા માટે સાચી સમજણની, તત્ત્વજ્ઞાનની અતિ આવશ્યકતા છે.
- મનુષ્ય જ્યારે આપ્યા સિવાય લેવાની ઇચ્છા કરે છે, અધિકાર સિવાય પ્રાપ્તિની અભિલાષા સેવે છે, ત્યારે તે હાસ્યાપદ રીતે નિષ્ફળ જાય છે.
- જે સુખની પ્રતિક્રિયા દુઃખ ન હોય તેવા સુખને મોક્ષ-મુક્તિ કહે છે.
- જેમ સાચા ઉપવાસથી પેટને આરામ મળે છે, તેમ સાચા મૌનથી મગજને આરામ મળે છે.
- જ્ઞાન એ આત્માનો ધર્મ નથી, પરંતુ આત્માનું 'સ્વરૂપ' છે.
- જે વ્યક્તિમાં જેમજેમ પવિત્ર પ્રાણનો જથ્થો વધુ તેમતેમ તે વ્યક્તિની પ્રતિભા વધુ, તેનામાં આકર્ષણ વધુ.
- અહિંસાની પહેલ તે મનુષ્ય જ કરી શકે કે જે હિંસા-અહિંસાથી ઉત્પન્ન થતી ક્રિયા-પ્રક્રિયા અને તેનાથી પેદા થતાં સુખ-દુઃખની તાત્ત્વિક સમજ ધરાવતો હોય.
- એક વ્યક્તિની હિંસા ઠેઠ વિશ્વયુદ્ધ સુધી પહોંચાડી દે છે અને એક વ્યક્તિની અહિંસા વિશ્વયુદ્ધને પણ મઠારી શકે છે.
- વેરથી વેર શમશે જ નહીં, જ્યારે પણ સમશે ત્યારે પ્રેમથી જ શમશે.
- પોતાના ઉપર થયેલા ઉપકારને કદી ન ભૂલે અને પોતાના પર થયેલા અપકારને જે તરત ભૂલી જાય તે સાચા સંત.
- જે કાંઈ છે તેના 'છે' નો અને જે કાંઈ નથી તેના 'નથી'નો અનુભવ કરી લેવો તે જ સાચું દર્શન છે.
- લઘુતાઓ માત્રનો નાશ કરીને ગુરુતામાં-ગુરુપદમાં જે સ્થિત કરે તે ગુરુ જેઓ પોતે 'લઘુતા'નું લાંછન વહોરીને પણ ગુરુતા બક્ષે તે ગુરુ.
- સર્વે સાધનાઓનો નિચોડ મુક્તિ છે. મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને મુક્ત થવાનો પ્રયત્ન ન કર્યો તો મનુષ્યજન્મ નિષ્ફળ ગયો.
- સુખ, સગવડ, સ્વાદ વગેરે ટેવમાં રહેલા છે. માટે આરોગ્ય સચવાય તેવી ટેવો પાડવી જોઈએ.
- મનુષ્ય કાયમ માટે વરધી-સૂતકવાળો જ હોય છે, કારણકે તેના ચિત્તમાં રોજેરોજ ભિન્ન ભિન્ન મોહ રૂપે પુત્ર જન્મે છે અને તેની કરુણારૂપી પુત્રી મૃત્યુ પામે છે.
- સ્વર્ગસ્થ માતા-પિતા અને ગુરુજનોની અંતરના આશિષ, સદા આપણી સ્મૃતિમાં જીવિત જ હોય છે, એ દૃષ્ટિએ તેઓ આપણા માટે સદા જીવતાં જ છે.
- દીકરા-દીકરીનાં લગ્ન સમયે આપણે ખૂબ આનંદ અનુભવીએ છીએ પરંતુ તેઓને જવાબદારીઓના અસહ્ય બોજા તમે દબાવી રહ્યા છીએ, તે વાતથી આપણે સાવ અજાણ હોઈએ છીએ.
- મા-બાપ એમ સમજે છે કે પુત્ર પુત્રી મોટાં થઈ રહ્યાં છે પણ જેમજેમ તેઓ મોટાં થતાં જાય છે તેમતેમ તેઓ મૃત્યુ તરફ આગળ વધીને છોટાં થતાં જાય છે, તેની ખબર તેઓને નથી.
- આપણા રોગ માટે બધી પથીઓ જ્યારે નિષ્ફળ જાય ત્યારે હિંમત હારી ન જવી, ઉત્સાહભંગ ન થઈ જવું, વિવેક વિસરી જઈને જ્યાં ત્યાં વલખાં ન મારવાં, ખોટા વહેમોના ચક્કરમાં ન પડવું.
- જો આપણને મળેલાં સુખસગવડને આપણે સુખસગવડ તરીકે ઓળખી જ નહીં શકીએ તો આપણને કોઈ જ સુખી નહીં કરી શકે.
- વેદ એટલે જાણવું અને જાણવાનો જ્યાં અંત આવી જાય તે 'વેદાંત'. તેમ જીવન અને જીવનના અંત ભાગમાં, જીવનના નિચોડ રૂપે જે રજૂ થયેલું તે જ જીવાનાંત અર્થાત્ વેદાંત.
- સાચી તૃપ્તિ સંતોષમાં અને સાચી સમજણમાં છે. સારાસાર અને નિત્યાનિત્ય વિવેકમાં છે; ભૌતિક વસ્તુઓની પ્રાપ્તિ કે તેને ભોગવવામાં નથી.

● જ્યારે ખૂબ અભાવો-સગવડોમાં જીવતા હતા ત્યારની અને અત્યારે ખૂબ સગવડો-ભોગોમાં જીવી રહ્યા છીએ ત્યારની આપણી મનોદશાને તપાસીશું, સૂક્ષ્મરૂપે અવલોકીશું તો જરૂર એ ધ્યાનમાં આવશે કે પહેલાં જેટલી જ અતૃપ્તિ અત્યારે પણ છે.

★ દરેક વૃક્ષના મૂળમાં સિંચાયેલ પાણી અને ખાતર કેવા-કેવા રૂપે પાછા મળે છે માનવજાતને. તમે બદલાની આશાએ કાંઈ ન કરો તોય કુદરત તમને પરોક્ષ યા પ્રત્યક્ષ બદલો વાળે જ છે. પછી બદલાની આશા રાખી આપણી અલ્પતા શા માટે બતાવવી.

– સંકલિત

● વિજ્ઞાનીઓ જિવાડવા કરતાં મારવાની શોધ વધુ કરી શક્યા છે.

★ **તે પુષ્પ :** તે પુષ્પ જુઓ, સૂર્યનાં કિરણોનો સ્પર્શ થતાં તે ખીલી ઊઠ્યું. કેટલું સુંદર હતું ! પરંતુ, એક કલાક પછી જોયું તો તે કરમાઈને નીચે ખરી પડ્યું છે. ખલાસ. અરે આ જીવન પણ એવું જ છે.

– આ.ચ.શાસ્ત્રી

● લગ્નગ્રંથિથી એટલા માટે બંધાવાનું છે કે પછી પતિ-પત્ની બંને પરસ્પરના સહકારથી જન્મ-મરણની મહાભયંકર ગ્રંથિને ભેદીને સનાતન સુખને પ્રાપ્ત કરી લઈએ.

★ **શૌર્ય :** જેમ જીવનની અસ્મિતા માટે શૌર્ય અને પરાક્રમની જરૂર પડે છે. એવી જ રીતે સન્માનપૂર્વક - ખુમારીથી જીવવા માટે ધનની પણ જરૂર છે. પ્રજા સમૃદ્ધ અને સુખી હોવી જોઈએ. આપણો આદર્શ સમૃદ્ધ રાષ્ટ્રનો છે. સુદામા જેવી વ્યક્તિ એક હોઈ શકે, સુદામા જેવી આખી પ્રજા ન બનાવી શકાય.

– સ્વામી સચ્ચિદાનંદજી

★ **મહત્ત્વ :** મહત્ત્વ એ વાતનું નથી કે આપણે કેટલું જીવીએ છીએ, પરંતુ મહત્ત્વ એ વાતનું છે કે આપણે કેવું જીવીએ છીએ. જીવન નમ્રતાનો મહાન પાઠ છે. જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી નિરાશ ન થવું જોઈએ. **– ઈરાસમન**

★ **દુર્જન :** દુર્જન સાથે દોસ્તી તો નહીં પણ ઓળખાણ પણ ન રાખવી, કોલસો ગરમ હોય તો દઝાડે અને ઠંડો હોય તો હાથ કાળા કરે. **– ગુ.સુ.**

★ **દારૂબંધી :**

● સંપૂર્ણ દારૂબંધી અને સંપૂર્ણ પ્રકારના દારૂ પર બંધીનો કાયદો બનાવનાર વીર ગણાય.

● આ કાયદાનું સંપૂર્ણપણે પ્રેમપૂર્વક પાલન કરાવનાર મહાવીર ગણાય.

અને

● આ કાયદાને ચિરસ્થાયી કાયમી સ્વરૂપે દૃઢ કરાવી શકનાર અતિ વીર ગણાય.

આ કાયદાનું સન્માનપૂર્વક સ્વેચ્છાએ પાલન-આચરણ કરીને પોતાના પરિવારનો તથા પરિવારથી બનતા સમાજોનો ઉદ્ધાર-પુનરુદ્ધાર કરનાર સૌને વંદન-અભિનંદન - આશિષ.

● બે પુત્રોના પિતાને પણ ખબર હોય છે કે પુત્રોની વિચારધારા પ્રતિકુળ હોવાના કારણે, અવારનવાર કેવાં દુઃખદાયક ઘર્ષણો ઝેલવાં પડે છે ! તો -

સો પુત્રોના પિતાનાં ઘર્ષણોનો કોઈ અંત ખરો? તે તો અનંત જ! પછી તો તે પિતાની વિચારધારાઓ સંપૂર્ણ કુંઠિત થઈ જાય અને તો તેની સ્થિતિ એક આંધળા માણસ જેવી થઈ જાય. પછી સૌ તેને આંધળો જ કહે, આંધળો જ માને.

● **પૂછ્યા વિના :** પાંચ પાંડવોમાં સહદેવ ત્રિકાળજ્ઞાની હતા. પણ તેઓ વચનથી બંધાયેલા હતા કે જો કોઈ માંગે તો જ સલાહ આપવી, ભલે પોતાના પરિવારની સમસ્યા હોય તોપણ. તેનો અર્થ એ થયો કે : માંગ્યા વિનાની સલાહની કાંઈ કિંમત નથી, વણમાગી સલાહ અપનાર અળખામણો થાય છે.

દરેક કુટુંબમાં પણ, કુટુંબ પૂરતો સહદેવ હોય છે, પણ તે વણમાંગી સલાહ આપે છે તેથી તેની સલાહ નિષ્ફળ જાય છે.

● **આરામ :** એક ને એક કામ ઘણો લાંબો સમય કરતા રહેવાથી કંટાળો આવે છે, તે થાક લાગ્યાની નિશાની

છે. ચાલુ કામ છોડીને બીજું કામ શરૂ કરવાથી કંટાળો ભાગી જાય છે. તે આરામ મળ્યાની નિશાની છે.

આરામ પ્રાપ્ત કરવા માટે કામ છોડવાની જરૂર નથી પણ કામ બદલવાની જરૂર છે.

એકને એક કામ કરવાથી શરીરનાં અંગપ્રત્યાંગો થાક્યાં હોય છે. તેને આરામ મળે છે, કામમાં બદલો લાવવાથી.

★ **પોતાના :** પોતાના દુર્ગુણ જુએ અને બીજાના સદ્‌ગુણ જુવે તેનાથી આ પૃથ્વી પર બીજું એકેય તપ નથી.

– સ્વામી સંતશ્રી

★ **સુખી જીવન :** સુખી જીવનની ફોર્મ્યુલા છે જિંદગીમાં બિનજરૂરી અપેક્ષા ન રાખો. સાચું પૂછો તો કોઈ અપેક્ષાઓ જ ન કરો. જિંદગી જે કાંઈ આપે તે હસતે ચહેરે અપનાવી લેનારને જિંદગી ઘણી બધી માનસિક પીડાથી બચાવી લે છે.

– આલ્બર્ટ આઈન્સ્ટાઈન

★ **શ્રમ કરવો** - ૨૦-૪-૧૬

ભૂતકાળની અનેક પેઢીઓનાં શ્રમથી મારું આજનું જીવનસભર છે, તેથી મારે આવતી કાલના નાગરિકો માટે જીવનભર શ્રમ કરવો જોઈએ.

– આલ્બર્ટ આઈન્સ્ટાઈન

★ **સંઘર્ષ :** સંઘર્ષ અને ઊથલપાથલ વિના જીવન સાવ જ નિરસ બની જાય છે, એટલે જીવનમાં આવતાં દુ:ખો અને આપત્તિઓને સહન કરી લેવામાં જ સમજદારી છે. **– વિનોબા ભાવે**

★ **આળસ :** આળસુ માણસ તો કામ કરવાનો વિચાર કરે ત્યાં જ થાકી જાય છે. **– આલ્બર્ટ બ્રી**

★ આશા એ ફૂલ વિના મધ બનાવનારી મધમાખી જેવી છે. **– ઈંગરસોલ**

★ જીવવા માટે અનાજના એ દાણાને વહી જવા મથતી કીડીબાઈને પજવશો નહીં, કારણકે એનામાં જીવ રહેલો છે અને જીવન ખરેખર મીઠું છે.

★ **હનુમાન :** શ્રી હનુમાનજીની ઉપાસના કળયુગ માટે અતિ ફળદાતા છે. કેમકે તેઓ સંયમ-નિયમના સ્વામી છે. જે જેની ઉપાસના કરે તે તેના જેવો, ધીરે-ધીરે થાય છે. વર્તમાન સમયમાં સંયમ-નિયમનું દેવાળું નીકળી ગયું છે. તેની રામભક્ત હનુમાનની ભક્તિ અતિ ઉપયોગી સાબિત થશે.

● **વિચારો :**

- જેને કદી ખરાબ વિચારો આવે જ નહીં, તે સિદ્ધ પુરુષ કહેવાય.
- જેને ખરાબ વિચારો આવે પણ જે તેને તાબે ન થાય, તે મહાપુરુષ કહેવાય.
- જે, ક્યારેક ખોટા વિચારોના તાબામાં આવી જાય અને ક્યારેક તેને કાબૂમાં કરી લે, તે સામાન્ય પુરુષ કહેવાય.
- જે તુરત જ ખોટા વિચારોના કાબૂમાં આવી જાય, તેની ગણતરી અતિ નિર્બળ માણસમાં થાય.

★ **લોભ :**

- ઘણી સરિતાનું નિર જઈ સિંધુમાં સમાયે; તોપણ
  કદી તેનું, પૂર્ણ નવ પેટે ભરાયે,
  તેમ લોભીને ધન મળે, તૃપ્તિ નવ પામે,
  પાંચ મળે દસ તેની આશા, અંતરમાં જામે.

★ **લોભ :**

- જે, જગદીશે કૃપા કરીને, ઘટતું આપ્યું હોય છે, તે પણ લોભીજન લોભમાં, છતું પાસનું ખોય છે.
  જૂની કવિતાઓમાં પણ કેટલું બધું ઉપયોગી જ્ઞાન પીરસી દેવામાં આવતું હતું.

★ **હરિભજન :**

કરો હરિ કા ભજન પ્યારે ઉંમરિયા બિત જાતી હૈ.
પૂર્વે શુભ કર્મ કર આયા મનુજ તન ધરણિ મેં પાયા,
ફિરે વિષયો મેં ભરમાયા, મૌત નહીં યાદ આતી હૈ.
બાલાપન ખેલ મેં ખોયા, જોબન મેં કામવશ હોયા,
બુઢાપેં ખાટપેં સોયા, આશા મનકો સતાતી હૈં.
કુટુંબ-પરિવાર સુત દારા, સ્વપ્ન સમ દેખ જગ સારા,
માયાને જાલ બિસ્તારા નહિ યહ સંગ જાતી હૈ.
હરિ કે ચરણ ચિત્ત લાવે, સો ભવ સાગકો તર જાવે,
બ્રહ્માનંદ મોક્ષપદ પાવે, વેદવાણી સુનાતી હૈ.

– સ્વામી બ્રહ્માનંદ

★ **ગુરુગીતા :** ગુરુદેવ પાસેથી મળેલો પ્રસાદ કોઈને આપવો નહીં, કદી તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહીં, 'ગુરુપ્રસાદ' સિવાય બીજી વસ્તુનો અંગીકાર કરવો નહી. **– શ્રી ગુરુગીતા (૧૨૮)**

★ **કાયદો :** કાયદો આપણને ગેરકાયદાકીય વર્તાવમાંથી અટકાવી શકે છે, પણ એવા અનાચરને રોકી શકતો નથી, જે કાયદાની હદની બહાર હોય છે.

- દાદા ધર્માધિકારી

★ **ત્રણ બનાવો :** મનુષ્યના જીવનના ત્રણ બનાવો વિવાદથી પૂર્ણતઃ પર હોય છે. પ્રથમ જન્મ, બીજું લગ્ન અને ત્રીજુ મૃત્યુ. **– આસ્ની ઓમૈલ**

★ **જિંદગી :** રૂપિયા-પૈસાને જો સાધન ગણો તો જિંદગી સરસ રીતે ચાલશે, પણ જો રૂપિયા-પૈસાને જ જિંદગી ગણશો, તો જાતજાતના ગુનાઓમાં સપડાશે.

– ઓરિફસા

★ **લક્ષ્મી સ્વયં :** જે ઉત્સાહી છે, આળસુ નથી, કામકાજની રીત જાણે છે, કોઈ પણ પ્રકારનાં વ્યસનોમાં ડૂબેલાં નથી; શૂરવીર છે, કૃતજ્ઞ છે, જેની મિત્રતા દૃઢ હોય છે, એવા સજ્જનને ત્યાં લક્ષ્મી સ્વયં આવી રહે છે. **– પંચતંત્ર**

★ **ઉત્તમ વસ્તુની...** ઉત્તમ વસ્તુની ઉત્પત્તિ ઉચ્ચ સ્થાનોમાંથી થાય છે. ચંચળ અને ચમકતી વીજળીની ઉત્પત્તિ કાંઈ ધરતીના છેડેથી નથી થતી.

– કવિ કાલિદાસ

★ ઈશ્વર તેને વસ્તુ સહાય કરે છે જે પોતાની જાતને સહાય કરે છે, તે આળસુને મરવા દેવાનું વધારે પસંદ કરે છે.

★ આળસ એ ગફલતનું મૂળ, રોગનું પારણું, સમયની બરબાદી અને શાંતિનો મૃત્યુઘંટ. **– બૅક્સર**

★ **મહત્ત્વાકાંક્ષી :** મહત્ત્વાકાંક્ષી માટે પ્રસિદ્ધિ એ ખારા પાણી જેવી છે, જેટલું તે પીવે તેટલી વધતી જાય છે.

– ઈબર્સ

★ **જન્મદિવસ :** "જે સુખની પ્રતિક્રિયા દુઃખ નથી, તેવા સુખને પ્રાપ્ત કરવા માટે શું શું કર્યું અને શું શું બાકી છે" તે જમા- ઉધાર તપાસી જવાનો દિવસ એટલે જન્મદિવસ-મહાકલ્યાણકારી દિવસ. મોક્ષ સિવાયનાં તમામ ભૌતિક સુખો દુઃખની પ્રતિક્રિયાવાળાં છે.

– મહર્ષિ પતંજલિ

★ **સર્વમાં...** સર્વમાં પોતાને જ નીરખવો એ જ આત્માની એક માત્ર આકાંક્ષા છે. **– રવિન્દ્રનાથ ટાગોર**

★ **માઁ :** 'મા'નો શબ્દાર્થ શબ્દકોષમાં મળી જશે પરંતુ 'મા'નો ભાવાર્થ તો હૃદયકોષમાં જ મળી શકે.

★ જેવી રીતે ધરતી ખોદવાથી પાણી નીકળે છે, તેવી જ રીતે ગુરુસેવા કરવાથી વિદ્યા પ્રાપ્ત થાય છે. મનુષ્યે એ બરાબર યાદ રાખવું કે ગુરુસેવા કર્યા વગર કદી ઉત્તમવિદ્યા પ્રાપ્ત થતી નથી. **– ચાણક્યનીતિ**

★ **ગુસ્સો :** યાદ રાખો કે ગુસ્સામાં હો ત્યારે અત્યંત નિર્બળ-દુર્બળ થઈ જાવ છો. એનું કારણ એ જ છે કે ક્રોધનું શસ્ત્ર ગુસ્સે થનારને જ ઘાયલ કરે છે.

– આરોગ્ય

★ **મને જો...** મને જો ભારતની એક ટકો વસ્તી, એક ટકો બુદ્ધિધન અને એક ટકો જમીન આપવામાં આવે, તો હું આખી દુનિયાને ખવડાવું અને આખી દુનિયા પર રાજ કરું. **– એક ઈઝરાઈલ વૈજ્ઞાનિક**

★ **ત્રણ વાનાં...**

ત્રણ વાના મુજને મળ્યા, હૈયું, મસ્તક ને હાથ,
બધું દઈ દીધું નાથ ! જા, ચોથું નથી માંગવું.

– ઉમાશંકર જોષી

★ **જેને...** જેને સૌથી સારું મેળવવાની ઇચ્છા હોય છે, તેણે ઘણું-ઘણું સારું હાથ આવેલું છોડવું પડે છે.

– સંકલિત

★ સજ્જન પાસેથી નિષ્ફળ યાચના સારી, પણ દુર્જન પાસેથી સફળ યાચના પણ ખરાબ છે.

– કવિ કાલિદાસ

★ **શુષ્ક સુખ :** શુષ્ક સુખ એ સૂકા રોટલા જેવું છે, પેટ ભરીએ છીએ પણ તૃપ્ત થતા નથી. તેમ -
છીછરી, ખર્ચાળ અને સાવ નકામી વસ્તુ મેળવવાની આપણે ઇચ્છા ધરાવતા હોઈએ છીએ.

– વિક્ટર હ્યુગો

★ **સફળ...** દરેક કામ સફળ બને એવું જરૂરી નથી પણ, જો કરેલા કામથી મનને સંતુષ્ટિ મળે, તો એ સફળતાથી કાંઈ કમ નથી.

★ **ભૂત...** કામગરા માણસને એક જ ભૂત કનડે છે, પણ આળસુ માણસને તો હજાર ભૂત પજવે છે.

– ગુજરાતી દુનિયા

● **વીંધી નાખે...** એક સારી શરૂઆત વીંધી નાખે બધા અપવાદ, એકસાચી યાદ, ભાંગી નાખે બધા વિખવાદ.

ગુરુ-સંતો તો પારસમણિ છે, પોતાના સંપર્કમાં આવનાર અધિકારી શિષ્યને પારસમણિ બનાવી દે છે.

પિતાનું આપણા જીવનમાં કેટલું મહત્ત્વ ?

- દીપક પટેલ

માતા ઘરનું માંગલ્ય હોય છે, તો પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. પણ ઘરના આ અસ્તિત્વને આપણે ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો ? પિતાનું મહત્ત્વ હોવા છતાં પણ તેના વિષે વધુ લખવામાં નથી આવતું કે નથી બોલવામાં આવતું.

કોઈ પણ વ્યાખ્યાનકાર માતા વિષે બોલ્યા કરે છે. સંત-મહાત્માઓ પણ માતાના મહત્ત્વ વિશે જ વધારે કહે છે દેવ-દેવીઓએ પણ માતાનાં જ ગુણગાન ગાયા છે. લેખકો-કવિઓએ પણ માતાનાં ખૂબ વખાણ કર્યાં છે. સારી વસ્તુને માતાની ઉપમા આપવામાં આવે છે.

પણ ક્યાંય પિતા વિષે બોલાતું નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પનાને કલમની ભાષામાં મૂકી છે, પણ તે ઉગ્ર, વ્યસની અને મારઝૂડ કરનારા જ હોય છે. આવા પિતાઓ સમાજમાં એકાદ-બે ટકા હશે જ, પણ સારા પિતાઓ વિષે શું લખાયું છે ?

માતા પાસે આંસુનો દરિયો હોય છે, પણ પિતા પાસે સંયમની દીવાલ હોય છે. માતા રડીને છૂટી થઈ જાય છે, પણ સાંત્વના આપવાનું કામ તો પિતાએ જ કરવું પડે છે. અને રડવા કરતાં સાંત્વના આપવામાં વધુ મહેનત કરવી પડે છે, કારણકે દીવા કરતાં દીવી વધારે ગરમ હોય છેને ! પણ શ્રેય તો હંમેશાં દીવાને જ મળે છે.

રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે, પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાની આપણે કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ?

બધાની સામે મોકળામને માતા રડી શકે છે, પણ રાત્રે તકિયામાં મોઢું છુપાવીને ડૂસકાં ભરે છે, તે પિતા હોય છે. માતા રડે છે પણ પિતાથી તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણા પિતા રડી શકતા નથી, કારણકે નાનાં ભાઈબહેનોને સાચવવાનાં હોય છે. પોતાની માતા મૃત્યુ પામે તોપણ પિતા રડી શકતા નથી, કારણકે બહેનને આધાર આપવાનો હોય છે. પત્ની અડધે સાથ છોડીને જતી રહે, તો બાળકોના આંસુ લૂછવાનું કામ પણ પિતાએ જ કરવાનું હોય છે.

જીજાબાઈએ શિવાજીને ઘડ્યા એમ ચોક્કસપણે કહેવું જોઈએ, પણ તે સમયે શાહજી રાજાએ કરેલી મહેનતને પણ ધ્યાનમાં લેવી જોઈએ.

દેવકી-યશોદાના કાર્યની પ્રશંસા અવશ્ય કરીએ, પણ નદીના પુરમાંથી મધરાતે માથા ઉપર બાળકને સુરક્ષિત પણ લઈ જનારા વસુદેવને પણ મહત્ત્વ આપીએ. રામ એ કૌશલ્યના પુત્ર અવશ્ય છે, પણ પુત્રવિયોગથી તરફડીને મૃત્યુ પામ્યા તે પિતા દશરથ હતા.

પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે. તેમનું ફાટેલું ગંજી જોઈએ તો સમજાય કે "આપણાં નસીબનાં કાણાં તેના ગંજીમાં પડ્યાં છે." તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા-દીકરીને નવાં જીન્સ લઈ આપશે પણ પોતે તો જૂનો લેંઘો જ વાપરશે. સંતાનો ૧૦૦/૨૦૦ રૂપિયા પાર્લર કે સલૂનમાં જઈને બિલ કરશે પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાસ થઈ

ગયો હશે, તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણી વાર તો ખાલી પાણી લગાડીને જ દાઢી કરી લેતાં હોય છે.

પિતા માંદા પડે ત્યારે તરત જ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી, પણ જો ડૉક્ટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે, તો શું કરવું તેનો ડર લાગે છે. કારણકે દીકરીનાં લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈ પણ સાધન હોતું નથી.

પહોંચ હોય કે ન હોય પણ દીકરાને એન્જિનિયરિંગ કે મેડિકલમાં પ્રવેશ અપાવે છે. ખેંચ ભોગવીને પણ બાળકને નિયમિત હૉસ્ટેલમાં પૈસા મોકલે છે, પણ કેટલાક દીકરાઓ જે તારીખે પૈસા મળે તે જ તારીખે પરમિટરૂમમાં પાર્ટીઓ આપે છે અને જે પિતાએ પૈસા મોકલ્યા હોય, તેની જ મજાક ઉડાડી છે.

પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. જે ઘરમાં પિતા હોય છે, તે ઘર તરફ કોઈ પણ ઊંચી આંખ કરીને જોઈ શકતું નથી. કારણ કે ઘરના કર્તાહર્તા જીવંત છે. જો તેઓ કંઈ પણ કરતા ન હોય તોપણ મહત્ત્વના કર્તાહર્તા તરીકેના પદ ઉપર હોય છે અને ઘરનાં કામ જુવે છે, સંભાળે છે.

માતા હોવી અથવા તો માતા હોવાના સત્યને પિતાને લીધે જ અર્થ મળે છે, એટલે કે પિતા હોય તો જ માતાનું અસ્તિત્વ શક્ય હોય છે. કોઈ પણ પરીક્ષાનું પરિણામ આવે, ત્યારે માતા જ સહુથી નજીકની લાગે, કારણકે બાજુમાં લે છે, વખાણ કરે છે, આશિષ આપે છે, પણ ગુપચુપ જઈને પેંડાનું પડીકું લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી.

બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખૂબ મહત્ત્વ હોય છે, પણ હૉસ્પિટલની લૉબીમાં અસ્વસ્થ થઈને આમથી તેમ આંટા મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી. દાઝી ગયા, ઠેશ લાગી કે માર વાગ્યો કે તરત ‘ઓ મા’ આ શબ્દો મોઢામાંથી બહાર પડે છે. પણ રસ્તો ઓળંગતાં એકાદ ટ્રક નજીક આવીને જોરથી બ્રેક મારે તો ‘બાપરે’ આ જ શબ્દ બહાર પડે છે. નાનાં સંકટો માટે ચાલે પણ મોટી સમસ્યાઓનાં વાદળો ઘેરાય, ત્યારે પિતા જ યાદ આવે.

કોઈ પણ પ્રસંગે ઘરની દરેક વ્યક્તિ જતી હોય છે, પણ મરણના પ્રસંગે પિતાએ જ જવું પડે છે.

પિતા શ્રીમંત સાસરું ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહીં પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે તો ભલે ઊભા-ઊભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરનાં ચક્કર કાપશે.

યુવાન દીકરો ઘરે મોડો આવે, ત્યારે પિતા જ તેની રાહ જોઈને મધરાત સુધી ઉજાગરો કરતા હોય છે.

દીકરાની નોકરી માટે સાહેબ સામે લાચાર થનારા પિતા, દીકરીને પરણાવવા માટે ઠેકઠેકાણે મુરતિયા જોવા ઉંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરતને કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે, ખરુંને ?

પિતાનું મહત્ત્વ કોને સમજાય છે ?

બાળપણમાં જ જો પિતા ગુજરી જાય તો અનેક જવાબદારીઓ ખૂબ નાની ઉંમરમાં સંભાળવી પડે છે. તેને એક-એક વસ્તુ માટે તરસવું પડે છે. પિતાને ખરા અર્થમાં સમજી શકે તો તે ઘરની દીકરી ! સાસરે ગયેલી કે ઘરથી દૂર રહેતી પિતા સાથે ફોનમાં વાત કરે, ત્યારે પિતાનો બદલાયેલો અવાજ એક ક્ષણમાં ઓળખી જાય છે.

કોઈ પણ દીકરી પોતાની ઈચ્છા બાજુમાં મૂકીને પિતા કહે તે જગ્યાએ લગ્નની વેદી ઉપર ચઢી જતી હોય, તેવા પ્રસંગો શું આજે પણ સમાજમાં નથી બનતા ? દીકરી પિતાને ઓળખે છે, સાચવે છે. બીજાઓ પણ પોતાને આ રીતે જાણે, ઓછામાં ઓછી એટલી તો અપેક્ષા બીજાઓ પાસે પિતા રાખે કે નહીં ? આપણી પાસે તો થોડા ઉત્સવો છે, જેને ઊજવતી વખતે માતા-પિતાને યાદ કરી લઈએ. તેમના પ્રત્યેનું ઋણ ચૂકવવા આપણે તેમને પગે લાગીએ અને એમના આશીર્વાદ મેળવીએ. એને આપણા જ સંસ્કાર, ધર્મ, નાત-જાતના ભેદભાવ વગર આપણી પછીની પેઢીને પણ આપીને યથાશક્તિ પિતૃતર્પણ કરીએ.

ભારતીય સંસ્કૃતિ પ્રમાણે માતા-પિતા તથા વડીલોનો આદર કરીએ અને કરાવીએ

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है ।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણોના તથા પ્રેરક પ્રસંગોના લેખો આવકાર્ય છે.

લવાજમદર :

ત્રિવાર્ષિક સભ્ય (ભારતમાં) ...	₹	૧૦૦-૦૦
આજીવન સભ્ય (ભારતમાં) ...	₹	૫૦૦-૦૦
ત્રિવાર્ષિક સભ્ય (પરદેશમાં) ...	$	૫૦-૦૦
આજીવન સભ્ય (પરદેશમાં) ...	$	૧૫૦-૦૦
છૂટક નકલની કિંમત ...	₹	૧૦-૦૦

લવાજમ મોકલવાનું કે "રુતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ (સ.સ. ભિક્ષુ)
૩/બ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

(૨) નૈષધભાઈ સી. વ્યાસ
"સ્વાશ્રય",
૩. ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણિનગર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૮

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.

Registrar of News Papers of India under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91

આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST
(Reg. No. E/4416 Date 11-5-81)
From : :-3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad-13
Printed at : Shardul Printing Press
Hon. Editor : Naishadh Vyas
I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09

To,

Web : www.aumparivar.com
E-mail : aumparivar@yahoo.com

Web : www.yogabhikshu.org
Facebook : yogabhikshu.aumparivar